સુવિચાર

''માણસ પાસે બહુ રૂપિયા થઈ જાય છે, પછી ઘણીવાર એ બહુ રૂપિયા થઈ જાય છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૧૧/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૩ કારતક સુદ-૧૫ વર્ષ : ૧૭ અંક : ૨૮૬

ખોજા શેરી વિસ્તારમાં આવેલ એક રહેણાંક મકાનમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો

બાબરામાં પત્નીની હત્યા કરી પતિએ આત્મહત્યા કર્યાની આશંકા

- ધોલેરા વિસ્તારનો યુવક તેની પત્ની અને એક પુત્ર સાથે ૧૪ વર્ષથી બાબરા ખાતે સ્થાયી થયેલ
- યુવક છુટક મજૂરી કરીને પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતો હોવાનું બહાર આવ્યું
- પોલીસની પ્રાથમિક તપાસમાં પતિએ પત્નીની હત્યા કરીને ધોલેરા ખાતે આત્મહત્યા કરી લીધાનું અનુમાન
- જોકે સમગ્ર ઘટના અંગે પોલીસ તપાસ આગળ વધે તે બાદ દૂધનું દૂધ ને પાણીનું પાણી થશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

બાબરા શહેરમાં ખોજા શેરી વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાનમાંથી મહિલાની બોથડ પદાર્થના ઘા મારેલી હાલતમાં લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક વિગતોના આધારે મહિલાની હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. આ બનાવમાં મહિલાના પતિ અને પુત્રની સંડોવણી હોવાની દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

મળતી પ્રાથમિક માહિતી મુજબ મૂળ ધોલેરા વિસ્તારના વતની વિનોદભાઈ ગોહેલ છેલ્લા એકાદ વર્ષથી બાબરા શહેરના નાના બસ સ્ટેન્ડ વિસ્તાર નજીક રહેતા હતા અને છૂટક મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ પત્ની શારદાબેન અને એક પુત્ર સાથે રહેતા હતા.

દરમિયાન ખોજા શેરી ખાતેના રહેણાંક મકાનમાંથી શારદાબેનની બોથડ પદાર્થના ઘા મારેલી હાલતમાં લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતાં બાબરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પ્રાથમિક તપાસ દરમિયાન મહિલાના પતિ વિનોદભાઈએ ધોલેરા ખાતે આપઘાત કરી લીધો હોવાની માહિતી પણ પોલીસને મળી હોવાનું

અનુસંધાન પાના ૬ ઉપર

રઘુવંશી યુવાનોએ તપાસની કરી માંગ

અમરેલી : ફેસબુક પર લોહાણા સમાજ વિરૂધ્ધ અભદ્ર કોમેન્ટ કરાતાં નારાજગી

'કાનો સેતા'નામના એકાઉન્ટ પરથી કોમેન્ટ કરાઈ



અમરેલી, તા. ૨૩

સોશિયલ મીડિયાના માધ્યમથી કોઈ સમાજ કે જ્ઞાતિ વિરૂદ્ધ અભદ્ર ટિપ્પણી કરવાના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે અમરેલીમાં ફેસબુક પર લોહાણા સમાજ અંગે અભદ્ર કોમેન્ટ કરવામાં આવતાં રઘુવંશી સમાજના યુવાનોમાં ભારે રોષ ફેલાયો છે. આ મામલે લોહાણા યુવક મંડળ – અમરેલીના નેજા હેઠળ મોટી સંખ્યામાં યુવાનો અમરેલી સિટી પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા અને કોમેન્ટ કરનાર સામે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માગ સાથે લેખિત ફરિયાદ આપી હતી.

મળતી વિગતો મુજબ, અમરેલીના હિરેન મશરૂ દ્વારા ફેસબુક પર એક પોસ્ટ મૂકવામાં આવી હતી. જેમાં, 'અમારે લોહાણા સમાજના મુખ્યમંત્રી નથી જોતા, એક બે ધારાસભ્ય બનવા દેજો' તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ પોસ્ટ પર 'Kano Sheta' નામના ફેસબુક એકાઉન્ટ પરથી લોહાણા સમાજ અંગે અભદ્ર કોમેન્ટ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ કોમેન્ટને પગલે લોહાણા સમાજના લોકોમાં નારાજગી ફેલાઈ હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આવી ટિપ્પણીથી સમગ્ર સમાજની લાગણી દુભાઈ છે તેમજ સામાજિક વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ થયો છે. આથી કોમેન્ટ કરનાર એકાઉન્ટની ઓળખ સહિત સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર સામે કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવામાં આવે તેવી માગ ઉઠાવવામાં આવી છે.

આ અંગે તેજસભાઈ મસરાણીએ જણાવ્યું હતું કે, લોહાણા સમાજના યુવકોએ આ મામલે પોલીસમાં લેખિત ફરિયાદ આપી છે. પોલીસ દ્વારા કોમેન્ટ અને સંબંધિત એકાઉન્ટની તપાસ કરવામાં આવ્યા બાદ સમગ્ર મામલાની વિગતો સ્પષ્ટ થશે.યુવાનોએ સ્પષ્ટ માગ કરી છે કે ભવિષ્યમાં કોઈપણ સમાજ કે જ્ઞાતિ વિઢદ્ધ આવી અભદ્ર ટિપ્પણીઓ કરીને સામાજિક વાતાવરણ ડહોળવાનો પ્રયાસ ન થાય તે માટે કાયદાની

અનુસંધાન પાના ૬ ઉપર

સાથે રહેલ ૨ બાળકો ન્હાવા પડતાં ડૂબી જતાં બચાવવા જતાં

લાઠીનાં દુધાળા ખાતે નંદી ગૌશાળામાં વેલ્ડિંગ કામ કરતાં યુવકનું પાણીમાં ડૂબી જવાથી મોત

બંને બાળકોને બચાવવા જતાં કાકાનું ડૂબી જવાથી મોત



અમરેલી, તા. ૨૩

લાઠીનાંદુધાળાગામેઆવેલ તળાવ નજીક આવેલ નંદી ગૌશાળામાં વેલ્ડીંગનુંકાર્યકરતાંએકયુવકનુંતળાવનાં પાણીમાં ડૂબીજવાથીમોતથયેલછે.

વિગતએવા પ્રકારનીછે કે, લાઠીનાંમતીરાળા ગામનાંભાવેશભાઈ ડોડીયા (ઉ.વ. ૩૭) તેમનાંભત્રીજાઅને ભાણીયા સાથે નંદી ગૌશાળામાં વેલ્ડીંગ કામ કરવા ગયેલ. જયાં બંને બાળકો તળાવમાં ન્હાતા હોય ડૂબી જતાં તેને બચાવવાયુવકેતળાવમાંછલાંગલગાવીને બંનેબાળકોનેબચાવીલીધાપરંતુપોતેડૂબી જતાં તેમનું મોત થતાં મૃતદેહને લાઠી સરકારીદવાખાનેખસેડાયેલછે.

રાજકોટ–ભાવનગર હાઈવે ઉપરની ઘટના

બાબરા નજીક ડબલ સવારી બાઈક અથડાતા એક આધેડનું મોત થયું

મૃતકનું નામ રાજુભાઈ આલગોતર રે. ચરખા હોવાનું ખુલ્યુ

અમરેલી, તા. ૨૩

બાબરા તાલુકાના ચરખા ગામે રહેતા રાજુભાઈ ટપુભાઈ આલગોતર નામના પર વર્ષીય આધેડ ગતતા. ૨૧ના રોજ રાત્રે ૯ વાગ્યાના અરસામાં પોતાના હવાલાવાળુ મોટર સાઈકલ જેના નં. જી.જે.–૧૪ એસી–૫૯૦૦ લઈને ખેતરેથી ઘરે આવતા હોય અને મહાસાગર હોટલની સામે રાજકોટ–ભાવનગર ફોર લાઈન હાઈવે રોડ ક્રોસ કરવા જતા ચરખા બાજુથી બાબરા તાલુકાના ઉંટવડ ગામે રહેતા વિપુલભાઈ નાનજીભાઈ બારૈયા નામના આરોપી તેમના પત્નિને બુલેટ મોટર સાઈકલ પાછળ બેસાડી બાબરા બાજુ જતા હોય અને તેઓ પોતાનું રોયલ ઈન્ફીલ્ડ કાળા કલરનું મોટર સાઈકલ પુરઝડપે અને બેફીકરાઈથી બીજા લોકોની જીંદગી જોખમાઈ તે રીતે જાહેર રોડ ઉપર ચલાવી મરણ જનાર રાજુભાઈના મોટર સાયકલ સાથે ભટકાવી મરણ જનારને માથાના ભાગે ગંભીર ઈજા તથા શરીરે નાની–મોટી ઈજા પહોંચાડી અકસ્માતમાં રાજુભાઈનું મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. દેવાંગ ટાંક — ગેસ્ટ્રોલોજીસ્ટ — પેટ, આંતરડા તથા લીવરના રોગો અને એન્ડોસ્કોપીના નિષ્ણાંત — તા. ૨૬/૧૧/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૦ થી ૧

ડો. આશુતોષ દુધાત્રા — ન્યુરો ફીજીશ્યન — મગજના રોગોના નિષ્ણાંત — તા. ૨૭/૧૧/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૧ થી ૧

ડો. અનિલ સાંજવા — પીડીયાટ્રીક સર્જન — નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન — તા. ૨૭/૧૧/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

ડો. કલ્પેશ બજાણીયા — ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન — મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત — તા. ૨૮/૧૧/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) — ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) — ડો. દ્રષ્ટિ પંડ્યા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૮૩ ૯૧૫૧૧
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૯ ૪૮૪૩૦

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ — જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

નિલકંઠ જ્વેલર્સ®
ઇનામોની વણઝાર
આજે દેવ દિવાળીનાં શુભ મુહૂર્તે સોના–ચાંદીની શુકનવંતી ખરીદી કરી મુહૂર્ત સાચવવા પધારો
તા. ૦૧-જુન, ૨૦૨૬ થી તા. ૧૫-ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી
63 56 56 0000
અમરેલી — માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧ Mo. 9601898981 Mo. 9825091721
રાજકોટ — પેલેસ રોડ, ભગવતી ફાસ્ટ ફુડની સામે, રાજકોટ- ૩૬૫ ૬૦૧ Mo. 9537525000

લાઠી–બાબરા–દામનગર વિધાનસભા ખાતે નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું






ભારતીય જનતા પાર્ટી–૯૮ લાઠી–બાબરા–દામનગર વિધાનસભા પરિવાર દ્વારા લાઠી શહેર ખાતે ભવ્ય નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્નેહમિલનમાં વિધાનસભા વિસ્તારનાં ભાજપનાં આગેવાનો, પદાધિકારીઓ તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભાજપ સંગઠનની એકતા, કાર્યકર્તાઓનો ઉત્સાહ અને પરસ્પર સ્નેહભાવનો સુંદર માહોલ જોવા મળ્યો હતો. સ્નેહમિલન કાર્યક્રમમાં પ્રદેશ ભાજપના હોદ્દેદારો, જિલ્લા ભાજપનાં હોદ્દેદારો, તાલુકા ભાજપની ટીમ, શહેર ભાજપની ટીમ, જિલ્લા પંચાયતનાં સદસ્યો, તાલુકા પંચાયતનાં પ્રમુખો તેમજ સભ્યો, નગરપાલિકાનાં પ્રમુખો તેમજ સભ્યો, વિવિધ ગામોના સરપંચો, ભાજપનાં આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ એકબીજાને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સૌ સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સ્નેહમિલનનાં માધ્યમથી પક્ષનાં આગેવાનો અને કાર્યકર્તાઓ વચ્ચેનો પરસ્પર સંપર્ક વધુ મજબૂત બન્યો હતો. ૯૮–લાઠી–બાબરા–દામનગર વિધાનસભા ભારતીય જનતા પાર્ટીનાં સંગઠન માટે કાર્યકર્તાઓની મહેનત, સમર્પણ અને એકતાનું ઉત્તમ ઉદાહરણ છે. ગામડાથી લઈને શહેર સુધી ભાજપનાં કાર્યકર્તાઓ સતત લોકોની વચ્ચે રહીને જનસેવા અને સંગઠનનાં કાર્યોને આગળ ધપાવી રહ્યા છે. આવા સ્નેહમિલન કાર્યક્રમો કાર્યકર્તાઓને એક મંચ પર લાવીને પરસ્પર સંવાદ અને સંગઠનની ભાવનાને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ પ્રસંગે લાઠી–બાબરા–દામનગર વિધાનસભાનાં લોકપ્રિય ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓ અને આગેવાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ભાજપનું સૌથી મોટું બળ તેના સમર્પિત કાર્યકર્તાઓ છે. કાર્યકર્તાઓની મહેનત, સંગઠન પ્રત્યેની નિષ્ઠા અને લોકો સાથેનો સતત સંપર્ક એ જ ભાજપની સાચી તાકાત છે. ધારાસભ્યએ વધુમાં જણાવ્યું હતું કે, સંગઠન મજબૂત હશે તો વિકાસની ગતિ પણ વધુ મજબૂત બનશે. લાઠી–બાબરા–દામનગર વિધાનસભા વિસ્તારમાં વિકાસનાં કાર્યોને વધુ વેગ આપવા અને લોકોનાં પ્રશ્નોનાં નિરાકરણ માટે સૌના સહયોગથી સતત કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત કાર્યકર્તાઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સૌએ સંગઠનની એકતા જાળવીને આગામી સમયમાં પણ ''સૌનો સાથ, સૌનો વિકાસ''નાં સંકલ્પ સાથે જનસેવાનાં કાર્યોને વધુ વેગ આપવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સમગ્ર સ્નેહમિલન કાર્યક્રમ આનંદ, ઉષ્મા અને આત્મીયતાથી ભરપૂર રહ્યો હતો. ૯૮–લાઠી–બાબરા–દામનગર વિધાનસભા ભાજપ પરિવારની એકતા અને સંગઠન શક્તિનું આ સ્નેહમિલન એક જીવંત ઉદાહરણ બની રહ્યું હતું.

'સંવિધાન ગૌરવ દિવસ' અંતર્ગત

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજાઈ

પ્રદેશ સહપ્રવકતા અશ્વિન બેન્કરે કોંગ્રેસ પર કર્યા પ્રહારો

અમરેલી, તા. ૨૩

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા રાજ્યના તમામ જીલ્લાઓમાં સંવિધાન ગૌરવ દિવસ નિમિતે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યુ હતું તે અંતર્ગત અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલયે જીલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી, મહામંત્રી મયુરભાઈ માંજરીયા, મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટીની ઉપસ્થિતિમાં પ્રદેશ સહ પ્રવકતા અશ્વિનભાઈ બેન્કરે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે, ડો. બાબા સાહેબે સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુતાના મૂલ્યોને બંધારણમ સ્થાન અપાવીને ભારતના દરેક નાગરિકના અધિકારોન નુંરક્ષણ સુનિશ્ચિત કર્યું છે. મહિલાઓના અધિકારો, શ્રમિકોના હિતો, સામાજિક ન્યાય, શિક્ષણ અને વંચિત વર્ગોના ઉત્થાન માટે બાબા સાહેબનું યોગદાન અવિસ્મરણીય છે.

ડો. બાબાસાહેબનું સમગ્ર જીવન સર્વસમાવેશ વિચારધારા અને સામાજિક સમરસતાની પ્રેરણા આપનારૂં રહ્યું છે. તેમના વિચારોને કોઈ એક જ્ઞાતિ, સમાજ કે વર્ગ પૂરતા મર્યાદિત કરી શકાય તેમ નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વારંવાર ડો. બાબા સાહેબના વિચારોને દેશની વિકાસયાત્રા સાથે જોડીને સામાજિક ન્યાય અને સમાન તકના સંકલ્પને આગળ ધપાવી રહ્યા છે.

બાબા સાહેબના જીવન સાથે જોડાયેલ પાંચ મહવપૂર્ણ સ્થળોને ' પંચતીર્થ' તરીકે વિકસાવવાની પહેલ મોદી સરકારે કરી છે જેમાં મધ્યપ્રદેશ સ્થિત જન્મભૂમિ મહૂ, લંડન સ્થિત શિક્ષણ ભૂમિ, નાગપુરની દીક્ષાભૂમિ, દિલ્હીની મહા પરિનિર્વાણ ભૂમિ અને મુંબઈની ચૈત્યભૂમિનો સમાવેશ થાય છે.

દિલ્હીના ૨૬, અલીપુર રોડ ખાતે બાબાસાહેબના મહાપરિનિર્વાણ સ્થળે ભવ્ય રાષ્ટ્રીય સ્મારક વિકસાવવામાં આવ્યું છે. દિલ્હીમાં ડો. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરની સ્થાપના કરીને તેમના વિચારો અને સંશોધનને નવી પેઢી સુધી પહોંચાડવાનું કાર્ય થયું છે.

બાબાસાહેબ આંબેડકરને સન્માન આપવાના ભાગરૂપે મોદીજી



દ્વારા ડિજિટલ પેમેન્ટ એપનું નામ "BHIM" રાખવામાં આવ્યું છે.

ભારતીય જનતા પાર્ટીના શાસનમાં બાબા સાહેબના વિચારોને માત્ર સ્મારકો સુધી મર્યાદિત નહીં રાખીને ગરીબ, વંચિત, શોષિત અને પછાત વર્ગોના સશક્તિકરણની નીતિઓમાં સ્થાન આપવાનો પ્રયાસ થયો છે.

આજે કોંગ્રેસ બંધારણની નકલ હાથમાં લઈને લોકશાહી અને બંધારણના રક્ષણની વાતો કરે છે, પરંતુ આ જ કોંગ્રેસના રાહુલગાંધીના દાદી અને તત્કાલીન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી લાદી લોકશાહીની હત્યા કરી હતી.

કટોકટીના ૨૧ મહિના દરમિયાન લોકશાહીના મૂળભૂત અધિકારો અને નાગરિક સ્વતંત્રતાઓ સમાપ્ત કરી દેવામાં આવી હતી, અનેક નાગરિકો પર દમન ગુજારવામાં આવ્યું હતું, કોઈ કારણ વગર સેંકડો નાગરિકોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યાં હતું. પ્રેસ મીડિયા પર પણ સેન્સરશિપ લગાવી દેવામાં આવી હતી.

બંધારણના ઘડવૈયા અને દેશના પ્રથમ કાયદા મંત્રી ડો. બાબાસાહેબને લોકસભામ પહોંચાડતા રોકવા માટે કોંગ્રેસે તેમની સામે ઉમેદવાર ઊભા રાખી હરાવવાનું ષડયંત્ર રચ્યું હતું. આજે સત્તા માટે તરફડીયા મારતી એ જ કોંગ્રેસ બાબા સાહેબના નામે સહાનુભૂતિ મેળવવાના પ્રયાસ કરી રહી છે. પણ દેશની જનતા કોંગ્રેસના અસલી ચહેરાને ખૂબ સારી રીતે જાણી ચૂકી છે.

બાબા સાહેબનું સ્વપ્ન હતું કે દેશના દરેક નાગરિકને સમાન તક, સમાન અધિકાર અને સન્માનપૂર્ણ જીવન મળે અને આ જ દિશામાં 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્ર સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુકાન હેઠળની કેન્દ્ર તથા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્યની ભાજપા સરકાર આગળ વધી રહી છે.

બેન્કરે રાજય અને કેન્દ્ર સરકારની ગરીબ કલ્યાણલક્ષી યોજનાઓની વાત કરતા સરકારની અંત્યોદય કામગીરીની સરાહના કરી હતી ભાજપ માને છેકે બંધારણ દેશની એકતા, અખંડિતા, સામાજિક સમરસતા અને લોકશાહીની મજબુત આધાર શીલા છે ભાજપની સરકાર બંધારણની મૂળભૂત માળખા, લોકશાહી સંસ્થા અને નાગરિકોના અધિકારોનું સન્માન કરવા પ્રતિબદ્ધ છે.

આ સાથે આગામી તારીખ ૨૬ મી નવેમ્બરે બંધારણ ગૌરવ દિવસ નિમિતે અમરેલી ખાતે સવાર ૧૦ : ૦૦ કલાકે, ડો. જીવરાજ મહેતા ચોક થી ડો. બાબા સાહેબની પ્રતિમા સુધી યોજાનાર સંવિધાન ગૌરવ યાત્રામાં જોડાવા સૌ નાગરિકોને જાહેર આમંત્રણ પાઠવું હતું.

સમગ્ર પંથકની જનતાનાં આરોગ્યનાં હિતમાં સરકારનો નિર્ણય

બાબરામાં આગામી દિવસોમાં રૂપિયા ૯ કરોડનાં ખર્ચે સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવાશે

ધારાસભ્ય જનક તળાવીયાની જહેમત બાદ સરકારે કર્યો નિર્ણય



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૩

લાઠી–બાબરા–દામનગર વિધાનસભા મતવિસ્તારમાં વિકાસ કાર્યોને સતત વેગ આપી રહેલા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં સઘન પ્રયાસો અને અસરકારક રજૂઆતોને વધુ એક મોટી સફળતા મળી છે. બાબરા શહેરમાં અંદાજીત રૂા. ૯ કરોડનાં ખર્ચે અદ્યતન સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવ્યું છે.

બાબરા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોનાં નાગરિકોને આરોગ્યની વધુ સારી અને આધુનિક સુવિધાઓ સ્થાનિક સ્તરે જ મળી રહે તે માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા સતત રજૂઆતો કરવામાં આવી રહી હતી. જેના પરિણામે બાબરા શહેરમાં અંદાજીત રૂા. ૯ કરોડનાં ખર્ચે અદ્યતન સામુહિક આરોગ્ય કેન્દ્રની મંજૂરી મળતા સમગ્ર બાબરા પંથકમાં આનંદની લાગણી પ્રસરી છે.

આ અદ્યતન આરોગ્ય કેન્દ્રના નિર્માણથી બાબરા શહેર ઉપરાંત આસપાસના અનેક ગામોના લોકોને આરોગ્ય સેવાઓ માટે અન્ય શહેરોમાં જવાની મુશ્કેલીમાં ઘટાડો થશે. સામાન્ય નાગરિકોને સમયસર સારવાર, આરોગ્ય તપાસ અને જરૂરી તબીબી સેવાઓ નજીકનાં વિસ્તારમાં ઉપલબ્ધ બને તે દિશામાં આ મંજૂરી મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આરોગ્ય એ દરેક નાગરિકનો મૂળ ભૂત અધિકાર છે. આપણા વિસ્તારનાં લોકોને સારી અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સુવિધાઓ તેમના નજીકનાં વિસ્તારમાં જ મળે તે માટે સતત પ્રયત્નશીલ છીએ. બાબરા શહેરમાં અદ્યતન સામુહિક આરોગ્ય કેન્દ્રની મંજૂરી એ સમગ્ર બાબરા પંથક માટે આનંદ અને ગૌરવની બાબત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લાઠી–બાબરા–દામનગર વિધાનસભા મતવિસ્તારમાં રસ્તા, પાણી, શિક્ષણ, આરોગ્ય સહિતનાં વિવિધ ક્ષેત્રોમાં વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. લોકોની વર્ષો જૂની જરૂરિયાતો અને પ્રશ્નોનાં કાયમી નિરાકરણ માટે સતત સરકાર સમક્ષ રજૂઆતો કરી વિકાસકાર્યોને મંજૂરી અપાવવાનાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

બાબરા શહેરમાં રૂા. ૯ કરોડનાં ખર્ચે અદ્યતન સામુહિક આરોગ્ય કેન્દ્રની મંજૂરી મળતા આવનારા સમયમાં બાબરા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારનાં લોકોને વધુ સુવિધાસભર અને આધુનિક આરોગ્ય માળખું ઉપલબ્ધ થશે. આ મંજૂરી બદલ સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ અને ગ્રામજનોએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનાં સઘન પ્રયાસોથી બાબરા પંથકનાં વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ કડી ઉમેરાઈ છે અને ''સૌનો સાથ, સૌનો વિકાસ''નાં સંકલ્પ સાથે લાઠી–બાબરા–દામનગર વિધાનસભા મતવિસ્તારનાં સર્વાંગી વિકાસની યાત્રા સતત આગળ વધી રહી છે.

આરોગ્યને વધુ મજબુતી આપતી મૌસમનો પ્રારંભ

સાવરકુંડલામાં ગુલાબી ઠંડીનો થયો પ્રારંભ વ્હેલી સવારે તાપણા અને ગરમ વસ્ત્રો દેખાયા

શિયાળો એટલે ખાવો–પીવો અને મોજ કરો

સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા શહેર અને આસપાસના ગ્રામ્ય પંથકમાં ગત રાત્રિથી જ શિયાળાએ ધીમે ધીમે તેનો અસલી મિજાજ દેખાડવાનું શરૂ કરી દીધું છે. વાતાવરણમાં અચાનક ઠંડક પ્રસરી જતાં વહેલી સવારે ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાયો હતો.

અચાનક ઠંડીનું જોર વધતા આજે વહેલી સવારે કામ અર્થે નીકળ તા લોકો સ્વેટર, શાલ અને મફલર જેવા ગરમ વસ્ત્રોમાં સજ્જ થઈને બહાર નીકળતા જોવા મળ્યા હતા. ઠંડીથી રક્ષણ મેળવવા માટે શહેરના વિવિધ ચોક અને રસ્તાઓ પર લોકો વહેલી સવારે તાપણાં કરીને ઠંડી ઉડાડવાનો પ્રયાસ કરતા નજરે પડયા હતા. બીજી તરફ, રાત્રિના સમયે પણ ઠંડીનો અહેસાસ થતા લોકોએ ઘરોમાં પંખા



બંધ કરીને ગરમ શાલ અને ધાબળા ઓઢીને આરામ કરવાનું પસંદ કર્યું હતું.

આરોગ્યની દ્રષ્ટિએ શિયાળાની ઋતુને શરીરને ફિટ અને તંદુરસ્ત રાખવા માટેનો શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે. ઠંડીની શરૂઆત થતા જ શહેરીજનોમાં શકિતવર્ધક વસાણા પ્રત્યેનો રસ પણ વધ્યો છે. આ ઋતુ દરમિયાન અડદિયા પાક, ગુંદર પાક, ખજૂરવાળું ગરમ દૂધ તેમજ બાફેલા ચણા અને મગ જેવા પૌષ્ટિક આહારનું સેવન કરવાથી રોગપ્રતિકારક શકિત વધે છે અને સમગ્ર વર્ષ દરમિયાન શરીરમાં સ્ફૂર્તિ અને ઊર્જા જળવાઈ રહે છે. એકંદરે, આહલાદક ઠંડીના આગમનથી સાવરકુંડલાના વાતાવરણમાં નવી તાજગી અને ઉત્સાહનો સંચાર થયો છે.

અમરેલી : ''સંસ્કારથી વૈશ્વિકતા સુધી''- ડો. જ્ઞાનવત્સલ સ્વામીનાં પ્રેરક પ્રવચનથી ગજેરા કેમ્પસનું આંગણું બન્યું ભાવવિભોર






અમરેલી : બીએપીએસ પરિવાર દ્વારા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા, અમરેલીનાં પવિત્ર આંગણે ''સંસ્કારથી વૈશ્વિકતા સુધી'' વિષય પર ડો. જ્ઞાનવત્સલ સ્વામીનાં પ્રેરણાદાયી પ્રવચનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર ઉપસ્થિત રહી સ્વામીનાં અમૂલ્ય વિચારો અને જીવનપ્રેરક માર્ગદર્શનનો લાભ લીધો હતો. ગજેરા કેમ્પસ માટે આ કાર્યક્રમ અતિ ગૌરવપૂર્ણ અને યાદગાર પ્રસંગ બની રહ્યો હતો. શિક્ષણની સાથે સંસ્કાર, નૈતિક મૂલ્યો, જીવન ઘડતર અને સમાજ નિર્માણનાં ઉમદા ઉદ્દેશ્યને સાકાર કરતી આ શૈક્ષણિક સંસ્થાની પવિત્ર ભૂમિ પર સ્વામીનાં પ્રેરક વિચારોનો ગુંજારવ હજારો લોકોનાં જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું નિમિત્ત બનશે તેવી આશા સંસ્થાનાં મેનેજમેન્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.આ પ્રસંગે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ મનસુખભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી સહિતનાં અગ્રણીઓએ ડો. જ્ઞાનવત્સલ સ્વામીનું ભાવભર્યુ સ્વાગત અને સન્માન કર્યું હતું. આ અવસરે પૂજય સ્વામીએ સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાનાં માર્ગદર્શન હેઠળ હજારો વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્યનાં ઘડતર માટે થઈ રહેલી શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓની સરાહનાં કરી હતી. તેમણે સંસ્થામાં કાર્યરત તમામ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની નિષ્ઠા, સમર્પણ અને સેવાભાવની પ્રશંસા કરી સૌને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમનું સફળ તાપૂર્વક આયોજન કરવા બદલ સંસ્થાનાં હોદ્દેદારોએ બીએપીએસ પરિવારનાં તમામ સંતો, કાર્યકર્તાઓ અને સેવાભાવી સ્વયંસેવકોને અભિનંદન પાઠવ્યા હતા તથા તેમના આયોજન, સમર્પણ અને સેવાકીય ભાવનાને બિરદાવી હતી. સંસ્થાનાં અગ્રણીઓએ ડો. જ્ઞાનવત્સલ સ્વામી સમાજમાં સંસ્કાર, સદવિચાર, માનવતા અને જીવન મૂલ્યોનું સિંચન કરી રહ્યા છે તેવા પ્રેરણાદાયી કાર્યની હૃદયપૂર્વક સરાહના કરી હતી. ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થનાં કરી હતી કે સ્વામીનું સમાજ ઘડતર અને માનવકલ્યાણનું આ સેવાકાર્ય અવિરત ચાલુ રહે અને તેમના વિચારો દ્વારા વધુને વધુ લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે. શિક્ષણ સાથે સંસ્કાર, જ્ઞાન સાથે જીવનમૂલ્યો અને વ્યક્તિ ઘડતર સાથે રાષ્ટ્રઘડતર–આ જ ગજેરા કેમ્પસની વર્ષોથી ચાલતી જીવનદ્રષ્ટિ છે.

અપુરતા વરસાદનાં કારણે સિંચાઈ અને પીવાના પાણીની તંગી સર્જાવવાની સંભાવના

અમરેલી જિલ્લામાં જમીનનાં તળમાં પાણી ઊંડા જવા લાગ્યા

ઉનાળાનાં આગમન પહેલા જિલ્લામાં ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા ઉભી થઈ શકે તેમ છે

જિલ્લાનાં તળાવો અને નદીઓમાં સૌની યોજનાનું પાણી યુધ્ધનાં ધોરણે છોડવું પડે તેવી સ્થિતિ

ઠેકઠેકાણેથી સૌની યોજનાનું પાણી છોડીને તળાવો અને નદીઓ ભરવા માંગ ઉભી થઈ

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ પણ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૩

અમરેલીજિલ્લામાંઅપુરતા વરસાદથીસિંચાલ અને પીવાનાં પાણીની સમસ્યા આગામી દિવસોમાં સર્જાવાની સંભાવનાંહોયજિલ્લાભાજપ પ્રમુખઅતુલ કાનાણીએમુખ્યમંત્રીનેપત્ર પાઠવીનેસૌની યોજના અંતર્ગત ચેકડેમ અને નદીઓમાં પાણીછોડવામાંગકરેલછે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીજિલ્લામાંખૂબઓછા પ્રમાણમાં વરસાદ આવેલ છે, ઓછા વરસાદનાં કારણે પીવાના પાણીના અનેખેતીવાડીના બોર તેમજ કુવાઓમાં પાણી ઊંડા જવા લાગ્યા છે, જો આવી સ્થિતિ રહી તો ઉનાળાના બદલે શિયાળામાં પાણીની ખેંચ ઉભી થશે. અમરેલી જિલ્લાનાં ગામડાઓમાં પાણીની સમસ્યા ન પડેતેના માટે સૌની યોજનાનું પાણી તળાવો અને નદીઓના વહેણમાં છોડવું ખૂબ જ જરૂરી છે. અત્યારે અમરેલી જિલ્લાનાં ધારી, બગસરા, ખાંભા, સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, લીલીયા, લાઠી, અમરેલી, કુંકાવાવ સહિતનાં તાલુકાઓના ચેકડેમો અને તળાઓમાં સૌની યોજના અંતર્ગત પાણી છોડવા જરૂરી છે.

ઉપરોકત બાબતે ગંભીરતા સાથે વહેલીતકે સૌની યોજનાનું પાણી છોડીને વિવિધ તાલુકાઓનાં ચેકડેમ અને તળાવો ભરવા અંતમાં માંગ કરેલ છે.





BJP સ્નેહમિલનમાં ધારાસભ્ય મહેશ કસવાળાનું નિવેદન

સાવરકુંડલા જિલ્લો ન બને તો કાંઈ નહી, પણ અમરેલીથી ઉતરતું ન રહેવું જોઈએ

દુનિયાને દંડાથી નહીં, પણ પ્રેમથી જીતી શકાય છે

સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલામાં યોજાયેલા ભાજપનાં સ્નેહમિલન સમારોહમાં ધારાસભ્ય મહેશ કસવાળાનાં નિવેદને રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. સભાને સંબોધતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, "સાવરકુંડલા જિલ્લો ન બને તો કાંઈ નહીં, પણ અમરેલીથી ઉતરતું ન રહેવું જોઈએ." એક જ પક્ષનાં બે ધારાસભ્યોના વિસ્તારો વચ્ચે વિકાસ અને પ્રભાવની આ "હરીફાઈ"નાં ઉલ્લેખે કાર્યકરો અને સ્થાનિક રાજકારણમાં ખાસ ધ્યાન ખેંચ્યું છે.



સંબોધન દરમિયાન તેઓએ ઐતિહાસિક પ્રસંગ ટાંકીને વાતાવરણમાં જોશ ભર્યું હતું. તેમણે હૈદરાબાદનાં નિઝામને સરદાર વલ્લભભાઈ પટેલે આપેલી કડક ચેતવણી યાદ કરાવતા કહ્યું કે, "સૂરજનું કિરણ પડે તે પહેલાં સહી કર, નહીંતર..." સરદાર સાહેબની આ ગર્જનાનો ઉલ્લેખ કરી તેમણે મક્કમ નેતૃત્વ અને નિર્ણાયકતાનો સંદેશ આપ્યો હતો.

જોકે, કડક ઐતિહાસિક દાખલાની સાથે સાથે તેમણે સંબંધો અને વ્યવહારની ફિલસૂફી પણ રજૂ કરી હતી. તેઓએ કહ્યું હતું કે, દુનિયાને દંડાથી નહીં, પણ પ્રેમથી જીતી શકાય છે. સ્નેહમિલનના મંચ પરથી આપેલા આ સંતુલિત અને સૂચક નિવેદનોએ સભામાં હાજર કાર્યકરો અને નાગરિકો વચ્ચે ભારે ચર્ચા જગાવી છે.

આગામી રવિવારે

અમરેલીમાં સારસ્વત સહકારી મંડળી દ્વારા તેજસ્વી તારલાઓનુ સન્માન

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા સારસ્વત સહકારી શરાફી મંડળીદ્વારા આગામી રવિવારે તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ સાથે ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલી જિલ્લામાં કોળી સમાજમાં શિક્ષણને વધુમાં વધુ ઉજાગર કરવા તેમજ વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ અર્થે આગામી તા. ૨૯ નવેમ્બરના રોજ શ્યામ વાડી લીલીયા રોડ અમરેલી ખાતે અમરેલી જિલ્લા કોળી કર્મચારી મંડળ દ્વારા તેજસ્વી તારલાઓ, નવ નિયુકત કર્મચારીઓ તેમજ વિશેષ સિધ્ધિ સન્માન સમારોહનો ત્રિવિધ કાર્યક્રમ યોજવામાં આવેલ હોવાનુ મંડળીના પ્રમુખ પ્રવિણ બારૈયા મંત્રી ધ્રુવેશ મકવાણા આશિષ મકવાણાની યાદીમાં જણાવવામાં આવેલ હતુ.

કોંગ્રેસ પ્રમુખે આરટીઆઈ અંતર્ગત માહિતી માંગી

લીલીયામોટા : રેલ્વે વિભાગ દ્વારા થયેલ વિકાસકાર્યો સામે શંકા–કુશંકા

માંગેલ માહિતી મળે બાદ હકીકતો બહાર આવશે

લીલીયા મોટા, તા. ૨૩

અમરેલી જિલ્લાના લીલીયા મોટા રેલ્વે સ્ટેશન ખાતે થયેલાં વિકાસકાર્યો, રેલવેના કામોની ગુણવત્તા અને તેમાં થયેલા ખર્ચ અંગે પારદર્શિતા લાવવાના હેતુથી લીલીયા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નીતિનભાઈ આર. ત્રિવેદી દ્વારા રેલ્વે વિભાગ સમક્ષ માહિતી અધિકાર અધિનિયમ (આરટીઆઈ) હેઠળ અરજી કરવામાં આવી છે.



નીતિનભાઈ ત્રિવેદી દ્વારા ડિવિઝનલ રેલવે મેનેજર, ભાવનગર તેમજ જનરલ મેનેજર, મુંબઈ સમક્ષ આરટીઆઈ અરજી કરીને લીલીયા રેલવે સ્ટેશન ખાતે થયેલાં વિવિધ કામોની વિગતવાર માહિતી માગવામાં આવી છે.

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ–૯૪૨૮૩ ૪૦૯૩૪

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ-જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુપિર સિકયુરીટી એજન્સી–અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

આદુ-મરચાથી ભરપુર
સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૬૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૬૪૦૪૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

સાંભળવાની તકલીફ છે ?
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

Shine 100 DX
કયે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાની ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુધ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રુ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૬૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
Also Available in S-CNG
મારુતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

શિવ ફરસાણ
(ઘારીવાળા)
સ્પે.નારાયલોન ખમણ ખમણ હાજરમાં મશળે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

Crafted with a Striking New Design
NEW Fascino 125 Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

Hero
ALL NEW HF Deluxe
A PERFECT BLEND OF POWER, STYLE & MILEAGE
CASH DISCOUNT ₹3000
POWERED BY TRUST. BUILT FOR INDIA.
BOOK NOW
VISIT YOUR NEAREST HERO DEALERSHIP TODAY!
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

એશિયામાં ભારતનો દબદબો

જાપાન-રશિયાને પછાડી ત્રીજી સૌથી મોટી શક્તિ બન્યું ભારત

એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૬ અનુસાર સાપેક્ષ આર્થિક ક્ષમતામાં સામાન્ય ઘટાડા અને ઘરેલું પડકારો છતાં ભારતે આ વર્ષે એશિયામાં પ્રભાવશાળી ભૂમિકા નિભાવી

નવી દિલ્હી, તા.૨૩

ઓસ્ટ્રેલિયાના થિંક ટેન્ક લોવી ઈન્સ્ટિટ્યૂટ **(Lowy Institute)** દ્વારા તૈયાર કરવામાં આવેલા એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૬ **(Asia Power Index 2026)** માં, ભારતે એશિયાની ત્રીજી સૌથી મોટી મહાસત્તા તરીકે પોતાના સ્થાનને વધુ મજબૂત કર્યું છે.

લેટેસ્ટ રેન્કિંગમાં ભારતે જાપાન અને રશિયાને પછાડતા ત્રીજું સ્થાન યથાવત રાખ્યું છે, જ્યારે તેના સમગ્ર પાવર સ્કોરમાં ૦.૫ પોઈન્ટનો સુધારો જોવા મળ્યો છે. વર્ષ ૨૦૨૫માં ૪૦ના સ્કોરના મુકાબલે ભારતનો સ્કોર વધી ૪૦.૫ પોઈન્ટ પર પહોંચી ગયો છે.

રિપોર્ટ પ્રમાણે એશિયાની સમગ્ર શક્તિ યાદીમાં અમેરિકા પ્રથમ અને ચીન બીજા સ્થાને યથાવત છે. જોકે ૨૦૧૮મા આ ઈન્ડેક્સની શરૂઆત બાદ પ્રથમવાર અમેરિકા અને ચીનની શક્તિ વચ્ચે અંતર ઓછું રહી ગયું છે. ખાસ કરી બંને દેશોની સૈન્ય ક્ષમતાઓનું અંતર અત્યાર સુધીના સૌથી નીચલા સ્તર પર આવી ગયું છે. લોવી ઈન્સ્ટિટ્યુટનું માનવું છે કે આ ઘટતું અંતર ચીનની સરસાઈથી વધુ વોશિંગટનની નીતિગત ચૂક અને કૂટનીતિક પ્રભાવમાં આવેલા ઘટાડાને કારણે છે.

એશિયા પાવર ઈન્ડેક્સ ૨૦૨૬ અનુસાર સાપેક્ષ આર્થિક ક્ષમતામાં સામાન્ય ઘટાડો અને ઘરેલું પડકાર છતાં ભારતે આ વર્ષે એશિયામાં ઘણી વધુ પ્રભાવશાળી ભૂમિકા નિભાવી છે. ભારતના સ્કોરમાં સુધાર પાછળ રક્ષા સંપર્કો, સાંસ્કૃતિક પ્રભાવ અને ભવિષ્યના સંસાધનોમાં થયેલા વધારાનું મોટું યોગદાન રહ્યું છે. ઈન્ડેક્સના મુખ્ય માપદંડો પર ભારતના પ્રદર્શનમાં આ ફેરફાર જોવા મળ્યો છે. ભારતે ૭૦.૩ પોઈન્ટ મેળવ્યા, જોકે પાછલા વર્ષના મુકાબલે તેમાં ૦.૫ પોઈન્ટનો સામાન્ય ઘટાડો થયો છે. ભવિષ્યના સંસાધનોના મોરચા પર ભારતનો સ્કોર ૧.૧ પોઈન્ટ વધી ૫૬.૨ પહોંચી ગયો, જે લાંબાગાળાના પ્રભાવને બનાવી રાખવાનો સંકેત આપે છે. સાંસ્કૃતિક પ્રભાવ અને રક્ષા નેટવર્કના મામલામાં ભારતના સાંસ્કૃતિક પ્રભાવમાં ૨.૩ પોઈન્ટ (૪૩.૮ સ્કોર) અને રક્ષા નેટવર્કના મામલામાં ૨.૨ પોઈન્ટ (૧૮.૬ સ્કોર) નો ઉલ્લેખનીય વધારો થયો છે. સૈન્ય ક્ષમતા અને આર્થિક ક્ષમતાના મામલામાં સૈન્ય ક્ષમતાનો સ્કોર ૦.૫ પોઈન્ટ સુધરી ૪૮.૫ થઈ ગયો, જ્યારે આર્થિક ક્ષમતાનો સ્કોર ૦.૭ ટકા ઘટી ૨૬.૪ રહ્યો.

રિપોર્ટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રાદેશિક નેતૃત્વ અને કૂટનીતિક સક્રિયતાનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાદેશિક નેતૃત્વના આકલનમાં પીએમ મોદીએ ત્રણ સ્થાનની છલાંગ લગાવી છે અને તેઓ એશિયાના બીજા સૌથી પ્રભાવશાળી નેતા બની ગયા છે. આ શ્રેણીમાં તેમની આગળ માત્ર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ છે.

એશિયાના ૨૭ દેશો અને પ્રદેશોના સંસાધનો તથા પ્રભાવ પર આધારિત લોવી ઈન્સ્ટિટ્યૂટ **(Lowy Institute)** ના આ મૂલ્યાંકન મુજબ, આ ક્ષેત્ર હવે વધુ સ્પર્ધાત્મક અને બહુધ્રુવીય સંતુલન તરફ આગળ વધી રહ્યું છે. જ્યાં એક તરફ અમેરિકાના પશ્ચિમ એશિયા પર ધ્યાન કેન્દ્રીત કરવા વચ્ચે તેમના સહયોગી દેશો (જેમ કે જાપાન, ફિલીપીન્સ અને ઓસ્ટ્રેલિયા) એ આપસી રક્ષા સહયોગ વધાર્યો છે, તો બીજીતરફ ચીન, રશિયા અને ઉત્તર કોરિયા વચ્ચે રક્ષા તથા આર્થિક મામલામાં તાલમેલ ગાઢ થયો છે. આ હલચલો વચ્ચે ભારતનું ૪૦.૫ સ્કોરની સાથે ત્રીજા સ્થાન પર મજબૂત બન્યા રહેવું બદલાતી વૈશ્વિક વ્યવસ્થામાં તેના વ્યૂહાત્મક મહત્વને દર્શાવે છે.

નેપાળના PM બાલેન્દ્ર શાહે કહ્યું

ભારત અમારો વિશ્વાસુ પાડોશી, મુશ્કેલ સમયમાં હંમેશા પહેલા મદદે આવ્યું

નવી દિલ્હીમાં વડાપ્રધાન મોદી સાથેની મુલાકાત બાદ નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહે ભારતનો આભાર માન્યો

નવી દિલ્હી, તા.૨૩

નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાત અને પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત બાદ નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહે ભારતનો આભાર માન્યો છે. તેમણે ભારતને 'ભરોસાપાત્ર અને વિશ્વાસુ' પાડોશી ગણાવતા કહ્યું કે, 'મુશ્કેલ સમય અને કુદરતી આફતોમાં ભારત હંમેશા સૌથી પહેલા મદદ માટે આગળ આવ્યું છે.' સંયુક્ત મીડિયા નિવેદન દરમિયાન તેમણે બંને દેશોના સંબંધોનો પાયો પરસ્પર સન્માન, વિશ્વાસ અને સદ્ભાવના હોવાનું જણાવતા પીએમ મોદીના આમંત્રણ અને ઉષ્માભરી આગતા-સ્વાગતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

બાલેન્દ્ર શાહે જણાવ્યું કે, 'બંને દેશો વચ્ચે સદીઓ જૂના ઐતિહાસિક સંબંધોને વધુ મજબૂત અને આધુનિક બનાવવા માટે વાતચીત થઈ છે. આ ચર્ચા ખુલ્લા મને, અર્થપૂર્ણ અને ભવિષ્યલક્ષી રહી હતી, જેમાં સહયોગના વિવિધ ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ સમજૂતી થઈ છે તથા મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કરાયો છે. આ સમજૂતી અને પ્રોજેક્ટ્સના પરિણામો ખેડૂતોની સમૃદ્ધિ, યુવાનો માટે રોજગાર અને તકો, વિદ્યાર્થીઓના સપના તેમજ ઉદ્યોગસાહસિકો માટે નવા બજારો અને રોકાણના માર્ગ ખોલનારા હોવા જોઈએ.' નેપાળના વડાપ્રધાને બંને દેશો વચ્ચેના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સભ્યતાગત સંબંધોને ભગવાન રામ અને માતા જાનકીના પવિત્ર યુગ સાથે જોડ્યા હતા. તેમણે કહ્યું કે, 'હિમાલયમાંથી નીકળીને ગંગામાં ભળતી સ્વચ્છ નદીઓ આપણા ભવિષ્યની યાદ અપાવે છે અને ક્લાઈમેટ ચેન્જના પડકારોનો સામનો કરવા સામૂહિક પગલાં લેવાની જરૂરિયાત દર્શાવે છે.'

સોમવારે રેલ કનેક્ટિવિટીના ઉદ્ઘાટનનો ઉલ્લેખ કરતાં બાલેન્દ્ર શાહે જણાવ્યું કે આ પગલું દ્વિપક્ષીય સંબંધોને વધુ જીવંત બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ છે. તેમણે ઐતિહાસિક સંબંધોને પરસ્પર વિશ્વાસ, સહયોગ અને સહિયારી સમૃદ્ધિ આધારિત વિકાસ ભાગીદારીમાં બદલવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. અંતમાં, તેમણે નેપાળના તમામ નાગરિકો વતી પીએમ મોદીને નેપાળ આવવાનું આમંત્રણ આપ્યું અને બંને દેશો વચ્ચેની મિત્રતા તથા સમૃદ્ધિ સતત વધતી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

PM મોદીએ બાલેન શાહનાં કર્યા વખાણ

નેપાળ માટે ભારતનું ૨૪ હજાર કરોડ નેપાળી રૂપિયાનું વિકાસ પેકેજ જાહેર

દ્વિપક્ષીય બેઠક બાદ અયોધ્યા-જનકપુર ટ્રેનને લીલી ઝંડી; PM મોદી બોલ્યા, નેપાળ વિના અમારા રામ અધૂરા છે

નવી દિલ્હી, તા.૨૩

ભારત અને નેપાળ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના વડાપ્રધાન બાલેન શાહ વચ્ચે દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન ભારતે નેપાળના પુનર્નિર્માણ અને લાંબા ગાળાના વિકાસ માટે ૨૪ હજાર કરોડ નેપાળી રૂપિયાના વિકાસ સહયોગ પેકેજની જાહેરાત કરી હતી. બેઠક બાદ બંને દેશના વડાપ્રધાનોએ અયોધ્યા-જનકપુર ટ્રેન સેવાને લીલી ઝંડી આપી હતી.

નેપાળના વડાપ્રધાન બન્યા બાદ બાલેન શાહની આ પ્રથમ ભારત મુલાકાત છે. સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન મોદીએ બાલેન શાહના નેતૃત્વ અને તેમના વિઝનની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, થોડા મહિના પહેલાં જ્યારે બાલેન શાહે વિશ્વના સૌથી યુવા વડાપ્રધાન તરીકે સંયુક્ત રાષ્ટ્રમાં સંબોધન કર્યું હતું ત્યારે તેમની દૂરંદેશીની ઝલક જોવા મળી હતી. છેલ્લા કેટલાક કલાકોની વાતચીત દરમિયાન નેપાળના ભવિષ્ય અને ભારત-નેપાળ સંબંધો અંગે તેમનું સ્પષ્ટ વિઝન અને પ્રતિબદ્ધતા અનુભવાઈ છે. વડાપ્રધાન મોદીએ નેપાળ માટે ૨૪ હજાર કરોડ નેપાળી રૂપિયાના વિકાસ સહયોગ પેકેજની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ભારત અને નેપાળ વચ્ચેનો સંબંધ માત્ર બે પડોશી દેશો વચ્ચેનો સંબંધ નથી, પરંતુ પરસ્પર વિશ્વાસ, સંસ્કૃતિ અને આત્મીયતાથી જોડાયેલો છે.

તેમણે નેપાળમાં ઓગસ્ટ મહિનામાં આવેલા વિનાશક પૂરને કારણે થયેલી જાનહાનિ અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. સાથે જ નેપાળના પુનર્નિર્માણ અને લાંબા ગાળાના વિકાસમાં ભારત સતત સહયોગ આપશે તેવી ખાતરી આપી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, ભારત હંમેશાં મજબૂત અને સમૃદ્ધ નેપાળની વિકાસયાત્રામાં ભાગીદાર રહ્યું છે અને ભવિષ્યમાં પણ આ સહયોગ ચાલુ રહેશે.

ભારત અને નેપાળ વચ્ચે ધાર્મિક તથા સાંસ્કૃતિક સંબંધોને વધુ મજબૂત બનાવવાના પ્રયાસરૂપે બંને વડાપ્રધાનોએ અયોધ્યા-જનકપુર ટ્રેન સેવાને લીલી ઝંડી આપી હતી.

આ રેલ સેવા શરૂ થવાથી બંને દેશના નાગરિકો માટે ધાર્મિક પ્રવાસ વધુ સરળ બનશે. વડાપ્રધાન મોદીએ ભગવાન રામ અને માતા સીતાના સંબંધનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, બંને દેશો વચ્ચેનો સંબંધ સહિયારા ઈતિહાસ, શ્રદ્ધા અને સંસ્કૃતિથી જોડાયેલો છે. તેમણે ભાવુક શબ્દોમાં જણાવ્યું હતું કે, નેપાળ વિના અમારા રામ અધૂરા છે. નવી ટ્રેન સેવા દ્વારા શ્રદ્ધાળુઓ માટે માતા સીતાની જન્મભૂમિ જનકપુર સુધી પહોંચવું વધુ સરળ બનશે.

દ્વિપક્ષીય બેઠક દરમિયાન બંને દેશોએ વિકાસ સહયોગ અને પરસ્પર સંબંધોને વધુ મજબૂત બનાવવાના મુદ્દે ચર્ચા કરી હતી. ભારતે નેપાળની પ્રગતિમાં ભાગીદાર બનવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ મુલાકાતને ભારત અને નેપાળ વચ્ચેના રાજદ્વારી, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વિકાસ પેકેજ અને નવી રેલ સેવા બંને દેશો વચ્ચેના સહકારને નવું પરિમાણ આપી શકે છે.

બાળકોને અટકાયતમાં લીધા અને ડિપોર્ટ પણ ન કર્યા

અમેરિકાએ ૨૦૨૩થી અત્યાર સુધી ૧૩૮૯ ભારતીય બાળકોને અટકાયતમાં લીધા

પ્રવાસીઓ સામેની સતત કડક કાર્યવાહીના કારણે હવે અમેરિકામાં એકલા પકડાતા ભારતીય બાળકોની સંખ્યામાં મોટો ઘટાડો

વોશિંગ્ટન, તા.૨૩

અમેરિકામાં ગેરકાયદેસર પ્રવાસીઓ વિરુદ્ધ ચાલી રહેલા કડક અભિયાનની સીધી અસર હવે જોવા મળી રહી છે. અમેરિકન નાણાકીય વર્ષ ૨૦૨૩થી અત્યાર સુધીમાં કોઈ પણ વાલી વગર એકલા અમેરિકા પહોંચેલા કુલ ૧૩૮૯ ભારતીય બાળકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે. જોકે, આ તમામ બાળકોને હજુ સુધી ભારત પરત મોકલવામાં આવ્યા નથી. બીજી તરફ, પ્રવાસીઓ સામેની સતત કડક કાર્યવાહીના કારણે હવે અમેરિકામાં એકલા પકડાતા ભારતીય બાળકોની સંખ્યામાં મોટો ઘટાડો નોંધાયો છે.

અમેરિકન કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનના તાજેતરના આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૩માં એકલા આવેલા ૭૩૦ ભારતીય બાળકો મળ્યા હતા. ત્યારબાદ કડકાઈ વધતા વર્ષ ૨૦૨૪માં આ સંખ્યા ઘટીને ૫૧૭, વર્ષ ૨૦૨૫માં ૯૧ અને વર્ષ ૨૦૨૬માં માત્ર ૫૧ રહી ગઈ છે. આ ઉપરાંત, અમેરિકન નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ મહિના એટલે કે ઓક્ટોબર ૨૦૨૬માં આવા માત્ર બે જ ભારતીય બાળકો મળી આવ્યા છે, જે ઘણો મોટો ઘટાડો દર્શાવે છે.ભારતીય બાળકોની સંખ્યામાં થયેલો આ ઘટાડો વિશ્વના અન્ય દેશોમાંથી આવતા એકલા બાળકોના વલણ સાથે પણ મેળ ખાય છે. અમેરિકન અધિકારીઓએ વર્ષ ૨૦૨૪માં કુલ ૧.૧ લાખ એકલા બાળકો નોંધ્યા હતા, જે વર્ષ ૨૦૨૫માં ઘટીને ૨૯,૫૮૪ અને વર્ષ ૨૦૨૬માં ૯૧૯૦ રહી ગયા છે.

ઓક્ટોબર ૨૦૨૬માં વિવિધ દેશોના કુલ ૭૨૨ બાળકો વાલી વગર મળી આવ્યા હતા.ઈમિગ્રેશન નિષ્ણાતોના મતે, નિયમોના કડક પાલન અને પકડાયેલા લોકોને ઝડપથી પરત મોકલી દેવાની નીતિને કારણે આ ઘટાડો થયો છે. અગાઉ માતા-પિતા કે સંબંધીઓને અમેરિકામાં કાયદેસરનો દરજ્જો અપાવવા માટે સગીર બાળકોનો 'ગ્રીન કાર્ડ બ્રિંગર્સ' તરીકે ઉપયોગ થતો હતો, પરંતુ હવે તરત જ ડિપોર્ટ થવાના ડરથી આ ચલણ બંધ થઈ રહ્યું છે.બદલાયેલી પરિસ્થિતિની ગંભીર અસર ત્યાં રહેતા યુવાનો પર પણ પડી રહી છે. વર્ષ ૨૦૧૨માં અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ગુજરાતના કડીના એક વેપારીએ જણાવ્યું કે તેમનો ૧૭ વર્ષીય દીકરો, જે ૧૨ વર્ષની ઉંમરથી ટેક્સાસમાં રહે છે, તે હવે શરણ (અસાઈલમ) સંબંધિત કોર્ટની સુનાવણીમાં જતા પણ ડરી રહ્યો છે. તેને ભય છે કે જો તે કોર્ટમાં જશે તો તેને પકડીને ભારત પરત મોકલી દેવામાં આવશે. હાલ આ કિશોર છુપાઈને એક ગેસ સ્ટેશન પર કામ કરી રહ્યો છે અને એક ધાર્મિક સંપ્રદાયના સભ્યો સાથે રહીને દિવસો પસાર કરી રહ્યો છે.એક તરફ એકલા બાળકોના આવવાની સંખ્યા ઘટી છે, પરંતુ અમેરિકામાં ગેરકાયદેસર રીતે પ્રવેશવાનો પ્રયાસ કરનારા ટોચના દેશોના નાગરિકોમાં ભારતીયો હજુ પણ સામેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં અમેરિકન અધિકારીઓએ ભારતીય નાગરિકો સાથે જોડાયેલા કુલ ૩૦,૫૨૮ મામલા નોંધ્યા છે. આ આંકડા સાથે મેક્સિકો અને કેનેડા બાદ ૨૧ દેશોની યાદીમાં ભારત ત્રીજા સ્થાને રહ્યું છે.

રોકાણકારોના રૂ.૬.૩૮ લાખ કરોડનું ધોવાણ

શેરબજારમાં ભારે હાહાકાર; સેન્સેક્સ ૧,૪૮૪ પોઈન્ટ તૂટ્યો

કારોબારના અંતે BSE સેન્સેક્સ ૧,૪૮૩.૭૨ પોઈન્ટના ઘટાડા સાથે ૮૨,૪૩૫.૯૯ના સ્તરે બંધ થયો હતો

મુંબઈ, તા.૨૩

ભારતીય શેરબજારમાં સોમવારે ભારે કડાકો જોવા મળ્યો હતો. સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે જ શેરબજારમાં જોરદાર વેચવાલી થતાં સેન્સેક્સ અને નિફ્ટી લાલ નિશાનમાં બંધ થયા હતા. બજારમાં આવેલા આ ઘટાડાને કારણે રોકાણકારોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું હતું. **BSE**માં લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં આશરે રૂ.૬.૩૮ લાખ કરોડનું ધોવાણ થયું હતું.

સોમવારના કારોબારના અંતે **BSE** સેન્સેક્સ ૧,૪૮૩.૭૨ પોઈન્ટના ઘટાડા સાથે ૮૨,૪૩૫.૯૯ના સ્તરે બંધ થયો હતો. જ્યારે **NSE** નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૪૫૦.૯૫ પોઈન્ટ તૂટીને ૨૫,૩૪૯.૬૫ના સ્તરે બંધ રહ્યો હતો. બંને મુખ્ય ઈન્ડેક્સમાં લગભગ ૧.૭૫ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો.

બજારમાં ઘટાડા પાછળ બેન્કિંગ અને મેટલ ક્ષેત્રના શેરોમાં થયેલી ભારે વેચવાલી મુખ્ય કારણોમાં સામેલ રહી હતી. **HDFC** બેંક, **ICICI** બેંક, એક્સિસ બેંક અને ટાટા સ્ટીલ સહિતના શેરોમાં નબળાઈ જોવા મળી હતી. બીજી તરફ **TCS**, ટેક મહિન્દ્રા અને **HCL** ટેક્નોલોજી જેવા કેટલાક શેરોએ ઘટાડા વચ્ચે મજબૂતી દર્શાવી હતી. શેરબજારમાં અચાનક આવેલા ઘટાડાની સીધી અસર રોકાણકારોની સંપત્તિ પર પડી હતી. **BSE**માં લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપિટલાઈઝેશનમાં આશરે રૂ.૬.૩૮ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. પરિણામે બજારમાં રોકાણ કરનારા લાખો રોકાણકારોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારોની નબળાઈ, વિદેશી રોકાણકારોની વેચવાલી અને વિવિધ ક્ષેત્રોમાં નફાવસૂલીને કારણે ભારતીય શેરબજાર પર દબાણ વધ્યું હતું. ખાસ કરીને બેન્કિંગ અને મેટલ શેરોમાં ઘટાડાએ બજારની નબળાઈ વધારી હતી. ૨૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ ગુરુ નાનક જયંતીની રજાને કારણે ભારતીય શેરબજારમાં કારોબાર બંધ રહેશે. હવે આગામી ટ્રેડિંગ સેશનમાં બજાર કઈ દિશામાં આગળ વધે છે તેના પર રોકાણકારોની નજર રહેશે.

યુટ્યુબર ધ્રુવ રાઠીને કોર્ટનો મોટો ઝટકો

૨૦૧૮ના માનહાનિ કેસમાં બિનજામીનપાત્ર વોરંટ જાહેર

નવી દિલ્હી, તા.૨૩

જાણીતા યુટ્યુબર ધ્રુવ રાઠીની મુશ્કેલીઓમાં વધારો થયો છે. દિલ્હીની સાકેત કોર્ટે વર્ષ ૨૦૧૮ના માનહાનિ કેસમાં ધ્રુવ રાઠી વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ **(NBW)** જાહેર કર્યું છે. **'I Support Narendra Modi'** નામનું સોશિયલ મીડિયા પેજ ચલાવતા વિકાસ પાંડેની ફરિયાદના આધારે કોર્ટે આ કાર્યવાહી કરી છે. આ કેસમાં આગામી સુનાવણી ૩ ડિસેમ્બરે હાથ ધરવામાં આવશે.

આ સમગ્ર મામલો ધ્રુવ રાઠીના વર્ષ ૨૦૧૮માં પ્રકાશિત થયેલા **'BJP IT Cell Part II'** નામના વીડિયો સાથે જોડાયેલો છે. ફરિયાદી વિકાસ પાંડેનો આરોપ છે કે આ વીડિયોમાં તેમના વિશે ખોટા અને માનહાનિકારક દાવા કરવામાં આવ્યા હતા.

ફરિયાદ મુજબ, વીડિયોમાં ભાજપના આઈટી સેલ દ્વારા વિકાસ પાંડેને લાંચ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ વીડિયોને ધ્રુવ રાઠીના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી પણ શેર કરવામાં આવ્યો હતો.

આ વિવાદમાં દિલ્હીના તત્કાલીન મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું નામ પણ જોડાયું હતું. તેમણે ધ્રુવ રાઠીનો આ વીડિયો રિટ્વીટ કર્યો હતો. ત્યારબાદ વિકાસ પાંડેએ ધ્રુવ રાઠી અને અરવિંદ કેજરીવાલ બંને સામે માનહાનિની કાર્યવાહી શરૂ કરી હતી. કોર્ટમાં ફરિયાદી પક્ષ તરફથી દલીલ કરવામાં આવી હતી કે ધ્રુવ રાઠી મુખ્યત્વે વિદેશમાં રહેતા હોવાથી લાંબા સમયથી તેમને સમન્સ પાઠવવામાં મુશ્કેલી પડી રહી છે. ગત ૧૨ ઓક્ટોબરે કોર્ટે સુનાવણી દરમિયાન ધ્રુવ રાઠીને હાથોહાથ સમન્સ પાઠવવાની અરજી મંજૂર કરી હતી. ત્યારબાદ સાકેત કોર્ટના ન્યાયાધીશ અનમ રઈસ ખાને હવે તેમની સામે બિનજામીનપાત્ર વોરંટ જાહેર કરવાનો આદેશ આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૩ ડિસેમ્બરે યોજાશે. હવે આ સુનાવણીમાં કોર્ટ શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર રહેશે.

અનેક મહત્વના કરારો પર હસ્તાક્ષર

અંતરિક્ષથી પોલીસ ટ્રેનિંગ સુધી ભારત અને નેપાળ વચ્ચે સહયોગના નવા દ્વાર

બંને દેશો આયુર્વેદ અને પરંપરાગત સારવાર પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા, સારી આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે સહયોગ કરશે

નવી દિલ્હી, તા.૨૩

ભારત અને નેપાળ વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે અનેક મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. નેપાળના વડાપ્રધાન બાલેન શાહ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં અંતરિક્ષ વિજ્ઞાન, પોલીસ તાલીમ, ફોરેન્સિક તપાસ, આરોગ્ય, આયુર્વેદ અને કૃષિ સહિતના વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે નિર્ણયો લેવામાં આવ્યા હતા.

આ બેઠક દરમિયાન વડાપ્રધાન મોદીએ નેપાળના પુનર્નિર્માણ અને લાંબા ગાળાના વિકાસ માટે ૨૪,૦૦૦ કરોડ નેપાળી રૂપિયાના વિકાસ સહયોગ પેકેજની જાહેરાત પણ કરી હતી. ભારત અને નેપાળ વચ્ચે થયેલા કરારો અનુસાર, ગુજરાતના ગાંધીનગર સ્થિત નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને નેપાળ પોલીસના કાઇમ ઈન્વેસ્ટિગેશન વિભાગ વચ્ચે શિક્ષણ, સંશોધન અને ફોરેન્સિક વિજ્ઞાનના ક્ષેત્રે સહયોગ વધારવામાં આવશે. આ ઉપરાંત, ભારતની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને નેપાળ પોલીસ એકેડમી વચ્ચે પોલીસ અધિકારીઓને તાલીમ આપવા માટે સહયોગ સ્થાપિત થશે. બંને દેશોની તાલીમ સંસ્થાઓ નેપાળના સરકારી અધિકારીઓની કાર્યક્ષમતા વધારવા માટે પણ સાથે મળીને કામ કરશે. ભારતની અંતરિક્ષ સંસ્થા ઈસરો અને નેપાળના સંચાર મંત્રાલય વચ્ચે દક્ષિણ એશિયા ઉપગ્રહના ઉપયોગ દ્વારા નેપાળના સંદેશાવ્યવહાર નેટવર્કને વધુ મજબૂત બનાવવાની દિશામાં સહમતી થઈ છે. બંને દેશો આયુર્વેદ અને પરંપરાગત સારવાર પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા ઉપરાંત નાગરિકોને વધુ સારી આરોગ્યસેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે પણ સહયોગ કરશે. પશુપાલન, મત્સ્યઉદ્યોગ, કૃષિ અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે પણ ભાગીદારી વધારવામાં આવશે. નેપાળમાં સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેટર, ઈનોવેશન હબ અને **IIT**નું ઓફશોર કેમ્પસ સ્થાપિત કરવાની દિશામાં પણ ભારત સહયોગ આપશે. દ્વિપક્ષીય બેઠક બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નેપાળના વડાપ્રધાન બાલેન શાહે અયોધ્યા અને જનકપુરધામ વચ્ચે નવી સાપ્તાહિક ટ્રેન સેવાને લીલી ઝંડી આપી હતી. આ ટ્રેન અયોધ્યાથી જનકપુરધામ સુધી આશરે ૬૦૪ કિલોમીટરનું અંતર કાપશે. તેના માર્ગમાં ગોરખપુર, બસ્તી, નરકટિયાગંજ, રક્સૌલ, સીતામઢી, મધુબની અને જયનગર સહિતનાં સ્ટેશનોનો સમાવેશ થાય છે. આ રેલવે સેવા ભારતના અયોધ્યા અને નેપાળના જનકપુર વચ્ચે ધાર્મિક પ્રવાસન તથા લોકો વચ્ચેના સંપર્કને વધુ સરળ બનાવશે. બેઠક દરમિયાન પીએમ મોદીએ બાલેન શાહના નેતૃત્વ અને નેપાળના ભવિષ્ય અંગેના તેમના વિઝનની પ્રશંસા કરી હતી. તેમણે બંને દેશોના સંબંધોને માત્ર પડોશી દેશો વચ્ચેના સંબંધો નહીં, પરંતુ સહિયારા ઈતિહાસ, સંસ્કૃતિ, શ્રદ્ધા અને વિશ્વાસ સાથે જોડાયેલા ગણાવ્યા હતા. આ કરારોના અમલીકરણથી શિક્ષણ, સુરક્ષા, ટેક્નોલોજી, આરોગ્ય અને વેપાર સહિતના ક્ષેત્રોમાં ભારત-નેપાળ સહયોગને વધુ વેગ મળવાની અપેક્ષા છે.

વેલિંગ્ટન ટેસ્ટ ડ્રો થતાં WTC ફાઈનલની રેસમાં ફટકો

૭૨૦ રન ખડક્યાં છતાં ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારત જીતથી વંચિત

મિચેલ અને ફિલિપ્સની બેટિંગે ભારતની આશા પર ફેરવ્યું પાણી; ૪૩ ઓવર સુધી વિકેટ માટે તરસતા રહ્યા ભારતીય બોલરો

વેલિંગ્ટન, તા.૨૩

ન્યૂઝીલેન્ડની ધરતી પર ૭૨૦ રનનો ઐતિહાસિક સ્કોર નોંધાવ્યા બાદ પણ ભારતીય ક્રિકેટ ટીમ પ્રથમ ટેસ્ટમાં જીત મેળવવામાં નિષ્ફળ રહી છે. વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી પ્રથમ ટેસ્ટ પાંચમા દિવસે ડ્રો જાહેર કરવામાં આવી હતી. એક સમયે ભારતીય ટીમ જીતની નજીક પહોંચી ગઈ હતી, પરંતુ ન્યૂઝીલેન્ડના બેટરોએ અસાધારણ ધૈર્ય અને સંયમ દાખવીને મેચ બચાવી લીધી હતી.

ભારતે પ્રથમ દાવમાં ૯ વિકેટે ૭૨૦ રન બનાવી દાવ જાહેર કર્યો હતો. જવાબમાં ન્યૂઝીલેન્ડે પ્રથમ દાવમાં ૩૬૮ રન બનાવ્યા હતા. આ રીતે ભારતને ૩૫૨ રનની વિશાળ સરસાઈ મળી હતી. બીજા દાવમાં ભારતીય બોલરોએ ન્યૂઝીલેન્ડની પાંચ વિકેટ ઝડપી હતી, પરંતુ અંતિમ પાંચ વિકેટ મેળવી શક્યા નહોતા. ન્યૂઝીલેન્ડે ૧૨૦ ઓવરમાં ૫ વિકેટે ૨૩૯ રન બનાવી મેચ ડ્રો કરાવી હતી.

પાંચમા દિવસની શરૂઆત ન્યૂઝીલેન્ડે ૨ વિકેટે ૧૧૯ રનથી કરી હતી. ભારતને જીત માટે આઠ વિકેટની જરૂર હતી. ભારતીય બોલરોએ શરૂઆતમાં દબાણ વધાર્યું હતું. ડેવોન કોનવે અને રચિન રવીન્દ્રની વિકેટ ઝડપ્યા બાદ ટોમ બ્લંડેલ પણ પેવેલિયન પરત ફર્યો હતો. એક સમયે ન્યૂઝીલેન્ડનો સ્કોર ૧૭૬ રને પાંચ વિકેટ થઈ ગયો હતો.

પરંતુ ત્યારબાદ ડેરિલ મિચેલ અને ગ્લેન ફિલિપ્સે ભારતીય બોલરો સામે મજબૂત દીવાલ ઊભી કરી હતી. બંનેએ છઠ્ઠી વિકેટ માટે અણનમ ૬૩ રનની ભાગીદારી નોંધાવી હતી. આ ભાગીદારી માટે બંનેએ ૪૩ ઓવર સુધી બેટિંગ કરી હતી. મ

અમદાવાદ AMCનો મોટો નિર્ણય

સરકારી હોસ્પિટલોમાં ડોક્ટરોએ દિવસમાં 3 વખત બાયોમેટ્રિક હાજરી પૂરવી પડશે

ડોક્ટરોની ગેરહાજરીની ફરિયાદો બાદ AMC એક્શનમાં, SVP-LG સહિતની હોસ્પિટલોમાં સવારે ૯, બપોરે ૨ અને સાંજે ૫ વાગ્યે પંચિંગ ફરજિયાત

અમદાવાદ,તા.૨૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સંચાલિત હોસ્પિટલોમાં ડૉક્ટરોની ગેરહાજરીને લઈને મળતી ફરિયાદો બાદ આખરે તંત્ર હરકતમાં આવ્યું છે. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને ડૉક્ટરો સમયસર ઉપલબ્ધ ન હોવાની ફરિયાદો વચ્ચે AMC દ્વારા હાજરીની વ્યવસ્થામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. હવે કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં ફરજ બજાવતા ડૉક્ટરોએ દિવસમાં બે નહીં, પરંતુ ત્રણ વખત બાયોમેટ્રિક હાજરી નોંધાવવી પડશે. અમદાવાદની SVP હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ અને નગરી હોસ્પિટલ સહિતની AMC સંચાલિત હોસ્પિટલોમાં આ નવી વ્યવસ્થા લાગુ કરવામાં આવશે.

અત્યાર સુધી ડૉક્ટરો સવારે ૯ વાગ્યે હોસ્પિટલમાં આવ્યા બાદ અને સાંજે ૫ વાગ્યે ફરજ પૂર્ણ કરતી વખતે બાયોમેટ્રિક હાજરી નોંધાવતા હતા. જોકે, આ બંને સમય વચ્ચે ડૉક્ટરો હોસ્પિટલમાં હાજર રહે છે કે નહીં તેની ચકાસણી થતી નહોતી. આ સમયગાળા દરમિયાન કેટલાક ડૉક્ટરો હોસ્પિટલમાંથી ગેરહાજર રહેતા હોવાની અને ખાનગી પ્રેક્ટિસ કરતા હોવાની ફરિયાદો તંત્રને મળી હતી. આ ફરિયાદોને પગલે હવે હાજરીની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

હવે ત્રણ સમયનું પંચિંગ ફરજિયાત નવી વ્યવસ્થા પ્રમાણે ડૉક્ટરોએ નીચે મુજબ બાયોમેટ્રિક હાજરી નોંધાવવાની રહેશે:

સવારે ૯:૦૦ વાગ્યે

બપોરે ૨:૦૦ વાગ્યે

સાંજે ૫:૦૦ વાગ્યે

આ અંગે તમામ કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોના સુપ્રિટેન્ડેન્ટને સર્કયુલર મોકલીને અમલવારી કરવાની સૂચના આપવામાં આવી છે. બપોરે ૨ વાગ્યાનું પંચિંગ ફરજિયાત બનાવવાથી દિવસના મધ્યભાગમાં પણ ડૉક્ટરોની હાજરીની ચકાસણી થઈ શકશે. નવી વ્યવસ્થામાં હાજરી નોંધાવવા ઉપરાંત દેખરેખની જવાબદારી પણ નક્કી કરવામાં આવી છે.

દરેક હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉક્ટરોની દૈનિક બાયોમેટ્રિક હાજરીનો રિપોર્ટ તૈયાર કરીને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને મોકલવાનો રહેશે. ત્યારબાદ આ રિપોર્ટની મ્યુનિસિપલ કમિશનર દ્વારા સમીક્ષા કરવામાં આવશે. જોકે, કોઈ ડૉક્ટર નિર્ધારિત સમયે ઓપરેશન અથવા અન્ય તબીબી કામગીરીમાં વ્યસ્ત હોય તો તેમને કામગીરી પૂર્ણ થયા બાદ બાયોમેટ્રિક હાજરી નોંધાવવાની છૂટ આપવામાં આવી છે.

AMCના આ નિર્ણયથી હોસ્પિટલોમાં ડૉક્ટરોની હાજરી પર દેખરેખ વધશે અને દર્દીઓને સમયસર સારવાર મળી રહે તે દિશામાં તંત્રનું મોનિટરિંગ વધુ મજબૂત બનશે. હવે આ નવી વ્યવસ્થાનો અમલ કેટલો અસરકારક સાબિત થાય છે તેના પર સૌની નજર રહેશે.

વોટ્સએપ કોલ કરી ૧૦ હજાર પડાવવાનો પ્રયાસ

જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયા પણ સાયબર ઠગોના નિશાને

અજાણ્યા શખ્સે ખોટી ઓળખ આપી ધારાસભ્યને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો, PAની ફરિયાદ બાદ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

જૂનાગઢ,તા.૨૩

જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયા સાથે સાયબર ઠગાઈ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક અજાણ્યા શખ્સે વોટ્સએપ કોલ કરીને ખોટી ઓળખ આપી ધારાસભ્ય પાસેથી ૧૦ હજારની માગણી કરી હતી. એટલું જ નહીં, નાણાં પડાવવા માટે આરોપીએ વોટ્સએપ પર UPI સ્કેનર પણ મોકલી આપ્યું હતું. જોકે, શંકાસ્પદ પ્રવૃત્તિ સામે આવતાં ઠગનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. આ મામલે ધારાસભ્યના પીએ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ, અજાણ્યા શખ્સે પૂર્વયોજિત રીતે જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડિયાનો વોટ્સએપ કોલ મારફતે સંપર્ક કર્યો હતો. કોલ દરમિયાન શખ્સે પોતાની ખોટી ઓળખ આપી હતી અને કેટલીક ખોટી વાતો કરીને ધારાસભ્યને વિશ્વાસમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ શખ્સે સીધી જ ૧૦ હજારની માગણી કરી હતી. અજાણ્યા વ્યક્તિ દ્વારા અચાનક નાણાંની માગણી કરવામાં આવતાં સમગ્ર મામલો શંકાસ્પદ બન્યો હતો. ઠગે માત્ર નાણાંની માગણી જ નહોતી કરી, પરંતુ રૂપિયા ઝડપથી ટ્રાન્સફર કરાવવા માટે વોટ્સએપ પર UPI સ્કેનર પણ મોકલી આપ્યું હતું. આ રીતે ડિજિટલ પેમેન્ટના માધ્યમથી ૧૦ હજાર પડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જોકે, ધારાસભ્ય સાથે છેતરપિંડી કરવાનો આ પ્રયાસ સફળ થયો નહોતો. અજાણ્યા શખ્સની ખોટી ઓળખ અને શંકાસ્પદ પ્રવૃત્તિ સામે આવતાં નાણાકીય નુકસાન ટળી ગયું હતું. આ સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય સંજય કોરડિયાના પીએ દ્વારા પોલીસ સમક્ષ સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હવે પોલીસ વોટ્સએપ કોલ અને UPI સ્કેનરની વિગતોના આધારે આરોપીની ઓળખ મેળવવા તપાસ કરી રહી છે. ધારાસભ્ય જેવા જાહેર પ્રતિનિધિને જ નિશાન બનાવવાના આ પ્રયાસને પગલે જૂનાગઢમાં ચકચાર મચી છે. આ ઘટનાએ ફરી એકવાર સાયબર ઠગો દ્વારા ખોટી ઓળખ આપી નાણાં પડાવવાના વધતા જોખમ સામે સાવચેત રહેવાની જરૂરિયાત દર્શાવી છે.

અમેઠી-રાયબરેલીની તમામ બેઠકો પર ટિકિટનો દાવો

ચૂંટણી પહેલાં કોંગ્રેસની સપા સમક્ષ ૧૩૦ બેઠકોની માગણી

કોંગ્રેસે ઈટાવા અને મૈનપુરી સિવાય લગભગ દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક બેઠક પર ચૂંટણી લડવાની ઇચ્છા વ્યક્ત કરી

નવી દિલ્હી, તા.૨૩

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીને લઈને સમાજવાદી પાર્ટી (સપા) અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણી અંગે રાજકીય હલચલ તેજ બની છે. દિલ્હીમાં ૨૩ નવેમ્બરના રોજ બંને પક્ષના વરિષ્ઠ નેતાઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં કોંગ્રેસે સપા સમક્ષ આશરે ૧૩૦ બેઠકોની યાદી રજૂ કરી હોવાની માહિતી સામે આવી છે. કોંગ્રેસે અમેઠી અને રાયબરેલીની તમામ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડવાની માગણી પણ કરી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પ્રમોદ તિવારીના દિલ્હીસ્થિત નિવાસસ્થાને બંને પક્ષના નેતાઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કોંગ્રેસ તરફથી ઉત્તર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ આરાધના મિશ્રા, યુપી કોંગ્રેસના પ્રભારી રાજેન્દ્ર પાલ ગૌતમ, સાંસદ ઈમરાન મસૂદ અને વીરેન્દ્ર ચૌધરી હાજર રહ્યા હતા. જ્યારે સમાજવાદી પાર્ટી તરફથી રામગોપાલ યાદવ, શ્યામલાલ પાલ, સાંસદ રાજીવ રાય, ઈકરા હસન સહિતના નેતાઓ બેઠકમાં સામેલ થયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠક દરમિયાન કોંગ્રેસના નેતાઓએ સમાજવાદી પાર્ટીને આશરે ૧૩૦ બેઠકોની યાદી સોંપી હતી. કોંગ્રેસે ઈટાવા અને મૈનપુરી સિવાય ઉત્તર પ્રદેશના લગભગ દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક બેઠક પર ચૂંટણી લડવાની ઇચ્છા વ્યક્ત કરી છે. આ ઉપરાંત કોંગ્રેસે અમેઠી અને રાયબરેલીની તમામ વિધાનસભા બેઠકો પર પોતાનો દાવો રજૂ કર્યો છે. આ બંને વિસ્તારો કોંગ્રેસ માટે રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

કોંગ્રેસ તરફથી બેઠકોની યાદી મળ્યા બાદ સપાના નેતાઓએ આ મુદ્દે પાર્ટી પ્રમુખ અખિલેશ યાદવ સાથે ચર્ચા કરવાની વાત કરી હતી. ત્યારબાદ બંને પક્ષો વચ્ચે ફરી બેઠક યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. બેઠક બાદ કોંગ્રેસનાં નેતા આરાધના મિશ્રાએ વાતચીત સૌહાર્દપૂર્ણ માહોલમાં થઈ હોવાનું જણાવ્યું હતું. તેમણે બંને પક્ષો વચ્ચે આગામી દિવસે પણ ચર્ચા ચાલુ રહેવાની માહિતી આપી હતી.

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે બેઠકોની વહેંચણી મહત્ત્વનો મુદ્દો બની છે. કોંગ્રેસની ૧૩૦ બેઠકોની માગણી સામે સપા શું વલણ અપનાવે છે અને અંતે બંને પક્ષો વચ્ચે કેટલી બેઠકો પર સહમતી સધાય છે તેના પર રાજકીય વર્તુળોની નજર છે. હાલ બંને પક્ષો વચ્ચે ચર્ચા ચાલુ છે અને બેઠકોની અંતિમ વહેંચણી અંગે સત્તાવાર નિર્ણયની રાહ જોવાઈ રહી છે.

કેટલ ફીડ સપ્લાય અને પ્રોડક્શન સામે સવાલ

સાબર ડેરીમાં કરોડોની ગેરરીતિના આક્ષેપ, પશુપાલકો સચિવાલય પહોંચ્યા

કેટલ ફીડ સપ્લાય અને પ્રોડક્શનની કામગીરીમાં ગેરરીતિના દાવા; વહીવટદારની નિમણૂક કરી સમગ્ર મામલાની તપાસ કરવાની સરકાર સમક્ષ માંગ

અમદાવાદ,તા.૨૩

સાબર ડેરીમાં કેટલ ફીડ સપ્લાય, પ્રોડક્શન અને કોન્ટ્રાક્ટની કામગીરીમાં કથિત ગેરરીતિના આક્ષેપોને લઈને વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. આ મામલે સાબર ડેરી સાથે જોડાયેલા પશુપાલકો સચિવાલય પહોંચ્યા હતા અને સહકાર મંત્રીના કાર્યાલયમાં રજૂઆત કરી સમગ્ર મામલાની તપાસ કરાવવાની માંગ કરી હતી. પશુપાલકોનો આક્ષેપ છે કે ડેરીના વહીવટમાં મોટા પાયે અનિયમિતતા અને ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે.

પશુપાલકો દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં સાબર ડેરીના કેટલ ફીડ સપ્લાય તથા તેના પ્રોડક્શનની પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. રજૂઆતમાં બાબુભાઈ પુરોહિત મુખ્ય સંચાલન કરતા હોવાનો ઉલ્લેખ કરીને તેમની સાથે સંકળાયેલી કંપનીને કોન્ટ્રાક્ટ મળતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. પશુપાલકોનો દાવો છે કે ચોક્કસ કંપનીને ટેન્ડર પ્રક્રિયા વિના કોન્ટ્રાક્ટ આપવામાં આવતો હોવાની ફરિયાદ છે. ડેરીના પેટાનિયમોના કારણે સંબંધિત કંપનીને જ કોન્ટ્રાક્ટ મળતો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આ પ્રકારની કથિત પ્રક્રિયાથી ડેરીના નાણાકીય હિતોને નુકસાન થતું હોવાની આશંકા વ્યક્ત કરીને નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી છે.

પશુપાલકોના જણાવ્યા મુજબ તેઓ છેલ્લા દોઢ વર્ષથી સાબર ડેરીમાં થતી કથિત ગેરરીતિઓ અંગે વિવિધ સ્તરે રજૂઆતો કરી રહ્યા છે. તેમ છતાં યોગ્ય કાર્યવાહી ન થઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. હવે મામલો સચિવાલય સુધી પહોંચતા સરકાર સમક્ષ તાત્કાલિક તપાસની માંગ કરવામાં આવી છે.

પશુપાલકોએ સાબર ડેરીમાં વહીવટદારની નિમણૂક કરીને ડેરીના વહીવટ, કોન્ટ્રાક્ટ અને ઉત્પાદન સંબંધિત કામગીરીની તપાસ કરાવવાની માંગ કરી છે. જો સમયસર પગલાં નહીં લેવાય તો વર્ષ ૨૦૩૦ સુધીમાં સાબર ડેરીને તાળા વાગવાની સ્થિતિ ઊભી થઈ શકે તેવી ચિંતા પણ રજૂઆતમાં વ્યક્ત કરવામાં આવી છે.હવે પશુપાલકો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોની સરકાર કેવી રીતે તપાસ કરાવે છે અને સાબર ડેરીના વહીવટ અંગે શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર છે.

નોર્થ મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબના નિર્માણ માટે રેલવેનો નિર્ણય

અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન પર મોટો ફેરફાર

એલિવેટેડ રોડ બંધ થતાં તેના પર કાર્યરત ટેક્સી અને પ્રીમિયમ પાર્કિંગની સુવિધાઓ સાઉથ MMTH ભવનમાં ખસેડવામાં આવી

અમદાવાદ,તા.૨૩

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર મુસાફરોની અવરજવર અને વાહન પાર્કિંગને લઈને મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. અમદાવાદ રેલવે સ્ટેશનને વિશ્વસ્તરીય સુવિધાઓથી સજ્જ કરવાના પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ નોર્થ મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ નું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ કામગીરીને ધ્યાનમાં રાખીને સ્ટેશન પર મુસાફરોની અવરજવર માટે બનાવવામાં આવેલો એલિવેટેડ રોડ (બ્રિજ) બંધ કરી દેવામાં આવ્યો છે. સાથે જ બ્રિજ પર ઉપલબ્ધ પાર્કિંગની સુવિધા હવે સાઉથ મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ ભવનમાં ખસેડવામાં આવી છે.અગાઉ સ્ટેશનના સાઉથ બ્લોકની કામગીરી શરૂ થાય તે પહેલાં મુસાફરોની સુવિધા માટે સ્ટેશનના પ્રવેશદ્વાર પાસે એલિવેટેડ રોડ બનાવવામાં આવ્યો હતો. આ વ્યવસ્થાથી ટેક્સી અને રિક્ષામાં આવતા મુસાફરોને સીધા બ્રિજ પર ઉતારી શકાતા હતા. વાહનોને પણ સરળતાથી બહાર નીકળવાની સુવિધા મળતી હતી.

જોકે, હવે સાઉથ બ્લોકમાં બેઝમેન્ટ અને અન્ય માળનું બાંધકામ લગભગ પૂર્ણ થયું છે. બીજી તરફ નોર્થ બ્લોકના નિર્માણની કામગીરી શરૂ થતાં બાંધકામમાં અવરોધ ન આવે તે માટે એલિવેટેડ રોડ બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રેલવે પ્રશાસને મુસાફરો અને વાહનચાલકોને હવે પાર્કિંગ માટે સાઉથ MMTH ભવનમાં જવાની અપીલ કરી છે. મુસાફરોએ સ્ટેશન પરિસરમાં લગાવવામાં આવેલા દિશાસૂચક બોર્ડ અને સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ એટલે એવું આધુનિક પરિવહન કેન્દ્ર જ્યાં મુસાફરોને એક જ સ્થળે અલગ-અલગ પરિવહન સેવાઓ સાથે જોડાણ મળી શકે.

આ વ્યવસ્થા હેઠળ ટ્રેન, મેટ્રો, AMTS, BRTS, ટેક્સી અને ઓટો-રિક્ષા જેવી સેવાઓ વચ્ચે સરળતાથી અવરજવર કરી શકાશે. તેના કારણે મુસાફરોનો સમય બચશે અને પરિવહન વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બનશે. સ્ટેશન પર પુનર્વિકાસની કામગીરી ચાલી રહી હોવાથી મુસાફરોને નવી પાર્કિંગ વ્યવસ્થાનો ઉપયોગ કરવા અને બાંધકામ વિસ્તારમાં પ્રવેશ ટાળવા જણાવાયું છે. સાથે જ પરિસરમાં લગાવવામાં આવેલા સાઈનબોર્ડ અને સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

કાલુપુર રેલવે સ્ટેશન પર સાઉથ MMTH અને આગામી નોર્થ MMTHનું નિર્માણ પૂર્ણ થયા બાદ મુસાફરોને વધુ સારી કનેક્ટિવિટી, આધુનિક પાર્કિંગ અને સુવિધાજનક પરિવહનનો લાભ મળવાની અપેક્ષા છે.

અમદાવાદ અને ઔડાના ૭ લાખથી વધુ નાગરિકોને થશે ફાયદો

અમદાવાદમાં ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ પહેલાં પરિવહન ક્ષેત્રે મોટો બદલાવ

શહેરમાં ૮૦૦ જેટલા અત્યાધુનિક સ્માર્ટ બસ સ્ટોપ બનાવવાનું આયોજન છે આગામી અઢીથી ત્રણ વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે

અમદાવાદ,તા.૨૩

અમદાવાદ શહેરને આંતરરાષ્ટ્રીય કક્ષાનું આધુનિક શહેર બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા જાહેર પરિવહન વ્યવસ્થામાં મોટો ફેરફાર કરવાની તૈયારી કરવામાં આવી છે. વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ અને વર્ષ ૨૦૨૯ની વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેમ્સને ધ્યાનમાં રાખીને શહેરમાં ૮૦૦ જેટલા અત્યાધુનિક સ્માર્ટ બસ સ્ટોપ બનાવવાનું આયોજન છે. આગામી અઢીથી ત્રણ વર્ષમાં આ પ્રોજેક્ટ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત AMTS, BRTS અને મેટ્રો રેલમાં મુસાફરી કરવા માટે અલગ-અલગ ટિકિટ લેવાની ઝંઝટ પણ દૂર થશે. ત્રણેય પરિવહન સેવાઓ માટે એક જ કોમન ટિકિટિંગ સિસ્ટમ શરૂ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. હાલમાં અમદાવાદમાં અનેક બસ સ્ટોપ જૂના અને જર્જરિત હાલતમાં છે. તેને ધ્યાનમાં રાખીને AMTSના આશરે ૮૦૦ મુખ્ય બસ સ્ટોપને આધુનિક બનાવવામાં આવશે.

આ પ્રોજેક્ટ બિલ્ડ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (BOT) મોડલ પર અમલમાં મૂકવામાં આવશે. એટલે કે પ્રોજેક્ટ માટે AMC દ્વારા સીધું મૂડીરોકાણ કરવામાં આવશે નહીં. આ યોજનાનો લાભ અમદાવાદ શહેર ઉપરાંત ઔડા (AUDA) વિસ્તારના ૭ લાખથી વધુ નાગરિકોને પણ મળશે. દિવ્યાંગો માટે સુવિધા: વ્હીલચેર માટે અનુકૂળ જગ્યા અને રેમ્પ બનાવવામાં આવશે. વૃદ્ધો અને મહિલાઓની સુવિધાનું પણ ધ્યાન રાખવામાં આવશે.

AMC દ્વારા મુસાફરો માટે ખાસ મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવાનું પણ આયોજન છે. આ એપ્લિકેશનની મદદથી મુસાફરો ઘરે બેઠાં બસનું લાઈવ લોકેશન જોઈ શકશે. બસ પોતાના સ્ટોપ પર કેટલા સમયમાં પહોંચશે તેની માહિતી પણ મેળવી શકશે.

આ ઉપરાંત બસમાં સીટ રિઝર્વ કરવાની સુવિધા આપવાનો પણ પ્રસ્તાવ છે. જોકે, આ સુવિધાઓનો અંતિમ અમલ અને ઉપલબ્ધતા અંગેની વિગતો જાહેર થવાની બાકી છે. હાલમાં AMTS, BRTS અને મેટ્રો રેલમાં મુસાફરી કરવા માટે અલગ-અલગ ટિકિટ લેવી પડે છે. નવી કોમન ટિકિટિંગ સિસ્ટમ શરૂ થયા બાદ એક જ ટિકિટથી ત્રણેય પરિવહન સેવાઓનો ઉપયોગ કરી શકાશે. અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં સિંધુ ભવન રોડ, આનંદનગરમાં સીમા હોલ પાસે, સી.જી. રોડ, સાયન્સ સિટી, શુકન મોલ અને ટીવી ટાવર સહિતના સ્થળોએ સ્માર્ટ બસ સ્ટોપના પાયલટ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યા છે. પૂર્વ અમદાવાદનાં ચાર સ્થળોએ પણ આવી સુવિધા વિકસાવવામાં આવી છે. આ પાયલટ પ્રોજેક્ટના અનુભવના આધારે સમગ્ર શહેરમાં સ્માર્ટ બસ સ્ટોપ બનાવવામાં આવશે. અમદાવાદની ગરમી અને ચોમાસાને ધ્યાનમાં રાખીને મજબૂત છત અને આધુનિક સુવિધાઓ ઊભી કરાશે. આ ઉપરાંત મેટ્રો સ્ટેશન, હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને મુખ્ય બજારો સુધી પહોંચવા માટે નવી ફીડર બસ સેવાઓ શરૂ કરવાની પણ યોજના છે. બસ સ્ટોપની સફાઈ અને જાળવણીની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે. આ પ્રોજેક્ટ સાકાર થતાં અમદાવાદના જાહેર પરિવહનને નવી દિશા મળી શકે છે અને લાખો મુસાફરો માટે રોજિંદી મુસાફરી વધુ સુવિધાજનક બનવાની અપેક્ષા છે.

બનાસકાંઠામાં ફૂડ વિભાગનો સપાટો

બનાસકાંઠામાં ખાદ્યચીજોમાં ભેળસેળ કરનારા વેપારીઓ સામે ફૂડ વિભાગે લાલ આંખ કરી

બનાસકાંઠા,તા.૨૩

બનાસકાંઠા જિલ્લામાં ખાદ્યચીજોમાં ભેળસેળ કરનારા વેપારીઓ સામે ફૂડ વિભાગે લાલ આંખ કરી છે. ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરતા વેપારીઓ સામે હાથ ધરવામાં આવેલી તપાસ બાદ હવે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ડીસા, પાલનપુર અને દાંતા વિસ્તારમાંથી લેવામાં આવેલા ઘી, ખાદ્યતેલ અને શ્રીખંડના નમૂનાઓ લેબોરેટરી તપાસમાં નિષ્ફળ સાબિત થયા હતા. આ મામલે નિવાસી અધિક કલેક્ટરની કોર્ટ દ્વારા ચાર વેપારીઓ સામે કાર્યવાહી કરીને કુલ ૧૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ફૂડ વિભાગ દ્વારા ડીસા સ્થિત મેસર્સ અમર ઈન્ડસ્ટ્રીઝમાંથી મસ્ટર્ડ ઓઈલ એટલે કે રાઈના તેલનો નમૂનો લેવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન લેબોરેટરીના રિપોર્ટમાં આ નમૂનો ગુણવત્તાના નિર્ધારિત ધોરણોમાં નિષ્ફળ રહ્યો હતો. જેને પગલે નિવાસી અધિક કલેક્ટરની કોર્ટ દ્વારા અમર ઈન્ડસ્ટ્રીઝને ૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

પાલનપુરમાં જગાણા જૈન દેરાસર પાછળ આવેલી મેસર્સ શ્યામ ડેરી સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. ડેરીમાંથી લેવામાં આવેલા સુખ પ્રીમિયમ કાઉ ઘીના નમૂનામાં ખામી સામે આવતાં ૨.૫૦ લાખનો દંડ ફટકારાયો હતો. આ ઉપરાંત લૂઝ ઘીના નમૂનામાં પણ ગુણવત્તાની ખામી મળી આવતાં વધુ ૨.૫૦ લાખનો દંડ કરવામાં આવ્યો છે.

દાંતા સ્થિત મેસર્સ શ્રી ચારભુજા આઈસ્ક્રીમ એન્ડ ડેરી પાર્લરમાંથી ફૂડ વિભાગે રાજભોગ શ્રીખંડનો નમૂનો લીધો હતો. લેબોરેટરી તપાસમાં આ નમૂનો પણ નિર્ધારિત ગુણવત્તાના ધોરણોમાં નિષ્ફળ સાબિત થતાં કોર્ટ દ્વારા પેઢીને ૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.કુલ ૧૧ લાખના દંડની કાર્યવાહી દ્વારા તંત્રએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કડક પગલાં લેવામાં આવશે. આગામી સમયમાં પણ ખાદ્યચીજોની ગુણવત્તા જાળવવા માટે તપાસ અને કાર્યવાહી ચાલુ રહે તેવી શક્યતા છે.

અમદાવાદમાં પોલીસની નવી પહેલ

વર્ષો સુધી પોલીસ સ્ટેશનમાં સડી જતાં વાહનો હવે ભંગાર બનતા પહેલાં જ વેચાશે

મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની મંજૂરી મેળવ્યા બાદ આ હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી

અમદાવાદ,તા.૨૩

અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનના પરિસરમાં વર્ષોથી ધૂળ ખાતાં અને ભંગાર બની રહેલાં જપ્ત વાહનોની સમસ્યાના ઉકેલ માટે નવી પહેલ કરવામાં આવી છે. વાસણા પોલીસ સ્ટેશન દ્વારા અંડર ટ્રાયલ એટલે કે પેન્ડિંગ કેસોમાં જપ્ત કરાયેલા વાહનોની પ્રથમવાર હરાજી યોજવામાં આવી હતી. આ હરાજીમાં કુલ ૨૭ વાહનોનું વેચાણ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૨ લાખ ૪૧ હજારની રકમ મળી હતી.

સામાન્ય રીતે કોઈ ગુનામાં પોલીસ દ્વારા વાહન જપ્ત કરવામાં આવે ત્યારે કેસની ટ્રાયલ પૂર્ણ થયા બાદ કોર્ટના આદેશ મુજબ વાહન અંગે નિર્ણય લેવામાં આવે છે. જોકે, અનેક કેસોમાં ટ્રાયલ પૂર્ણ થતાં ૧૦થી ૧૨ વર્ષ જેટલો સમય લાગી જાય છે. આ દરમિયાન જપ્ત કરાયેલાં વાહનો પોલીસ સ્ટેશનના પરિસરમાં પડ્યાં રહે છે. લાંબા સમય સુધી ખુલ્લામાં પડ્યાં રહેવાને કારણે વાહનોની સ્થિતિ ખરાબ થાય છે અને ધીમે ધીમે તે ભંગારમાં ફેરવાઈ જાય છે. પરિણામે વાહનની મૂળ કિંમતમાં મોટો ઘટાડો થાય છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને વાસણા પોલીસ દ્વારા અંડર ટ્રાયલ વાહનોની હરાજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની મંજૂરી મેળવ્યા બાદ આ હરાજી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કુલ ૨૭ વાહનોની હરાજી કરવામાં આવી અને તેમાંથી ૨.૪૧ લાખની રકમ ઉપજી હતી. સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી.

હરાજીમાંથી મળેલી ૨.૪૧ લાખની રકમ હાલ સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવશે. ત્યારબાદ સંબંધિત કેસની ટ્રાયલ પૂર્ણ થયા પછી કોર્ટ જે આદેશ આપશે તે મુજબ હરાજીની રકમ આરોપી અથવા અન્ય કાયદેસરના હકદાર વ્યક્તિને ચૂકવવામાં આવશે.

આ પહેલથી પોલીસ સ્ટેશનમાં વર્ષો સુધી પડ્યાં રહેતાં વાહનો ભંગાર બનતાં અટકશે અને તેમની કિંમત પણ જળવાઈ રહેશે. વાસણા પોલીસની આ વ્યવસ્થા ભવિષ્યમાં અન્ય પોલીસ સ્ટેશનો માટે પણ ઉપયોગી બની શકે છે.

ફેરનેસ ક્રીમ બની યુવતી માટે જીવલેણ

ગોરી થવાની લાલચમાં યુવતીએ વાપરી ક્રીમ, કિડનીને ગંભીર નુકસાન થતાં ICUમાં દાખલ

સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સરની જાહેરાત જોઈ મંગાવી હતી ક્રીમ, લેબ ટેસ્ટમાં જોખમી માત્રામાં મરક્યૂરી મળી આવી

તિરુવનંતપુરમ, તા.૨૩

સોશિયલ મીડિયા ઇન્ફ્લુએંસર્સની વાતોમાં આવવું એક યુવતીને ભારે પડી ગયું હતું, આ યુવતીએ ચહેરાને ચમકાવવાના ચક્કરમાં કિડનીની બીમારી નોતરી લીધી હતી. ઇન્ફ્લુએંસરના કહ્યા મુજબ ફેસ ક્રીમ વાપરી જોકે આ ક્રીમમાં એટલી માત્રામાં ધાતુ (મરક્યૂરી) હતી કે જેને કારણે યુવતીને કિડનીની બીમારી થઈ ગઈ. પરિસ્થિતિ એટલી કફોડી થઈ ગઈ હતી કે યુવતીને આઈસીયુમાં દાખલ કરવી પડી હતી.કેરળના મલપ્પુરમના અરીકોડેની રહેવાસી એક ૧૮ વર્ષીય યુવતી એક વર્ષ પહેલા સોશિયલ મીડિયા પર એક ઇન્ફ્લુએંસરની વાતોમાં આવી ગઈ હતી, તેણે સોશિયલ મીડિયા પર એક ફેસ ક્રીમની જાહેરાત જોઈ હતી. વિશ્વાસમાં આવીને તેણે આ ક્રીમ ઓનલાઇન મંગાવી હતી અને ઓગસ્ટ ૨૦૨૫માં તેનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. એક વર્ષમાં તેણે ત્રણ બોટલ ક્રીમ વાપરી નાખી. ચહેરા પર પિંપલ કે અન્ય કોઈ પણ ડાઘ દૂર કરવા માટે અથવા

સાવરકુંડલા ખાતે ભાજપ પરિવાર દ્વારા નૂતન વર્ષ સ્નેહમિલન યોજાયું








આ પ્રસંગે દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું વર્ચ્યુઅલ માધ્યમથી પ્રેરણાદાયી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. પ્રધાનમંત્રીએ સંગઠનની શક્તિ, કાર્યકર્તાઓની ભૂમિકા, રાષ્ટ્રસેવા અને જનકલ્યાણનાં સંકલ્પને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન પૂરૂ પાડયું હતું. તેમના વિચારો અને પ્રેરણાદાયી સંદેશથી ઉપસ્થિત કાર્યકર્તાઓમાં નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રભારી તરૂણ ચુઘજી તથા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ પણ રહી હતી. આ મહાનુભાવોનાં માર્ગદર્શન અને શુભેચ્છાઓએ નૂતન વર્ષનાં પ્રારંભે સંગઠનનાં કાર્યકર્તાઓમાં નવી પ્રેરણા અને સંગઠન પ્રત્યેની જવાબદારીની ભાવનાને વધુ પ્રબળ બનાવી હતી. આ સ્નેહમિલન માત્ર શુભેચ્છાઓની આપ–લે પૂરતું મર્યાદિત ન રહેતાં સંગઠનની એકતા, પરસ્પર વિશ્વાસ, સહકાર અને જનસેવાનાં નવા સંકલ્પને દ્રઢ બનાવવાનું પ્રેરણાદાયી માધ્યમ બન્યું હતું. સૌએ સાથે મળીને સાવરકુંડલા–લીલીયા મતવિસ્તારનાં સર્વાંગી વિકાસ, લોકોની સુખાકારી અને ભારતીય જનતા પાર્ટીનાં સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ઉપસ્થિત સૌ કાર્યકર્તા મિત્રો અને પરિવારજનોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે સંગઠનની એકતા, કાર્યકર્તાઓના પરસ્પર સ્નેહ અને સમર્પણની ભાવના સાથે જનસેવાનાં કાર્યોને વધુ વેગવાન બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, અમરેલી જિલ્લા પંચાયતની જાહેર બાંધકામ સમિતિનાં ચેરમેન પ્રકાશભાઈ પાનસુરીયા, સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, રજનીભાઈ ડોબરીયા પ્રમુખ સાવરકુંડલા તાલુકા ભાજપ, અનિરૂદ્ધસિંહ રાઠોડ પ્રમુખ સાવરકુંડલા શહેર ભાજપ, આનંદભાઈ ધાનાણી પ્રમુખ લીલીયા તાલુકા ભાજપ, પ્રભારી ભીખાભાઈ ધોરાજીયા, સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારનાં સંગઠનનાં વિવિધ મોરચા પ્રમુખઓ, મહામંત્રીઓ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતનાં સદસ્યો, નગરપાલિકાનાં સદસ્યો, ભારતીય જનતા પાર્ટીનાં વિવિધ મોરચાનાં હોદ્દેદારો, કાર્યકરો તેમજ ગામે ગામનાં આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સદસ્ય જીલ્લા પંચાયત દીપકભાઈ માલાણી ચેરમેન માર્કેટીંગ યાર્ડ , મહેશભાઈ લાખાણી વાઈસ ચેરમેન માર્કેટિંગ યાર્ડ સાવરકુંડલ, ગામના સરપંચઓ, સહિત તેમજ તાલુકા પંચાયત, સદસ્યઓ ,હોદ્દેદારઓ, સંગઠનનાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું

બિસલેરીના પાણીના સેમ્પલમાં

હતાં. પ્રાથમિક તપાસમાં છમાંથી પાંચ સેમ્પલ પાસ થયાં હતાં, જ્યારે એક સેમ્પલમાં બ્રોમેટનું પ્રમાણ ૧૨ માઈક્રોગ્રામ પ્રતિ લિટર નોંધાયું હતું.

કંપનીએ ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આ પરિણામ સામે અપીલ કરી હતી. ત્યારબાદ સેમ્પલને ફરી તપાસ માટે રેફરલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું હતું. કંપનીના દાવા મુજબ, આ તપાસમાં બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદામાં હોવાનું સામે આવ્યું હતું, જોકે તેમાં PAHsની હાજરીનો ઉલ્લેખ કરાયો હતો.

બિસલેરીના જણાવ્યા અનુસાર, બંને તપાસનાં પરિણામોમાં તફાવત હોવાથી કંપનીએ FSSAI દ્વારા માન્યતા પ્રાપ્ત સ્વતંત્ર લેબોરેટરીમાં પણ સંબંધિત સેમ્પલની તપાસ કરાવી હતી. આ તપાસમાં બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદામાં હોવાનું સામે આવ્યું હતું. કંપનીએ ફેબ્રુઆરી, ૨૦૨૬માં સ્વતંત્ર તપાસનો રિપોર્ટ અને સંબંધિત પત્ર FSSAIને સુપરત કર્યા હોવાનો દાવો કર્યો છે. કંપનીએ વધુમાં જણાવ્યું હતું કે ત્યારબાદ FSSAI તરફથી કોઈ સૂચના મળી નહોતી. આથી કંપનીએ મામલો પૂર્ણ થયો હોવાનું માન્યું હતું. કંપનીના દાવા મુજબ, તેને હજુ સુધી ઈ-મેઈલ કે હાર્ડ કોપી મારફતે કોઈ નોટિસ મળી નથી.

બિસલેરી કંપનીએ પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે ગ્રાહકોને સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડવું તેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. કંપનીના જણાવ્યા અનુસાર, ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન ૧૦ તબક્કાની પ્રક્રિયા અને ૯૦થી વધુ ગુણવત્તા પરીક્ષણો કરવામાં આવે છે. હાલ આ મામલે FSSAIના તપાસ અહેવાલ અને કંપની દ્વારા રજૂ કરવામાં આવેલા સ્વતંત્ર લેબોરેટરીના રિપોર્ટ વચ્ચેના તફાવતને લઈને સવાલો ઊભા થયા છે. પાણીની ગુણવત્તા અંગે અંતિમ હકીકત સ્પષ્ટ કરવા માટે સંબંધિત સત્તાધિકારીઓની આગળની કાર્યવાહી અને સત્તાવાર સ્પષ્ટતા મહત્ત્વપૂર્ણ બની રહેશે.

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૦૦	૧૮૭૩
૨	તુવેર	૧૪૯૫	૧૪૯૫

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૧૪૪૫	૧૪૮૫
૨	ગીરનાર શીંગ	૧૦૫૦	૧૫૬૫
૩	શિંગ મોટી	૧૨૦૦	૧૫૯૫
૪	શિંગદાણા ફાડા	૧૪૦૦	૨૦૧૫
૫	તલ સફેદ	૨૭૦૦	૩૫૦૦
૬	તલ કાળા	૨૪૦૦	૪૨૦૦
૭	તલ કાશ્મીરી	૨૯૦૦	૩૨૭૦
૮	બાજરો	૫૭૦	૬૨૦
૯	જુવાર	૧૧૦૦	૧૪૦૫
૧૦	ઘઉં ટુકડા	૪૪૫	૭૦૦
૧૧	ઘઉં લોકવન	૫૭૫	૬૫૦
૧૨	મકાઈ	૬૦૫	૬૦૫
૧૩	મગ	૮૦૦	૧૭૦૦
૧૪	અડદ	૯૦૦	૧૬૫૦
૧૫	ચણા	૧૨૦૦	૧૫૦૦
૧૬	સફેદ ચણા	૧૦૨૦	૧૪૧૫
૧૭	છોલે દેશી	૧૪૦૦	૨૦૮૫
૧૮	વટાણા	૯૦૫	૯૦૫
૧૯	તુવેર	૧૦૪૦	૧૮૦૦
૨૦	કપાસ	૧૧૩૦	૧૯૧૫
૨૧	એરંડા	૧૦૦૦	૧૫૮૫
૨૨	જીરૂ	૩૫૦૦	૪૭૮૦
૨૩	રાય	૧૮૦૦	૧૮૦૦
૨૪	ધાણી	૧૮૦૦	૩૦૩૦
૨૫	મેથી	૧૦૩૦	૧૪૨૦
૨૬	સોયાબીન	૧૨૬૫	૧૫૩૦
૨૭	મરચા લાંબા	૨૩૩૦	૫૭૦૦

પાના ૧ ઉપરનું ચાલું

બાબરામાં પત્નીની હત્યા કરી

જાણવા મળે છે.

હાલમાં પતિ દ્વારા પત્નીની હત્યા કરવામાં આવી હોવાની આશંકા સાથે પોલીસ સમગ્ર ઘટનાની કડીઓ જોડીને તપાસ કરી રહી છે. બીજી તરફ મૃતક મહિલાની લાશને પોસ્ટમોર્ટમ અર્થે બાબરા સરકારી દવાખાને ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

આ બનાવમાં પતિ અને પુત્રની ભૂમિકા સહિતના તમામ પાસાઓને લઈને પોલીસ તપાસ આગળ વધારી રહી છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર ઘટનાની હકીકત બહાર આવશે.

પાના ૮ ઉપરનું ચાલું

સાવરકુંડલામાં આખલા યુદ્ધનાં કારણે

શકિત પ્રદર્શન અને આધિપત્યની લડાઈ ચાલી રહી હોય તેમ તેઓ ભારે જોશથી લડતા જોવા મળ્યા હતા.

આ ઘટનાને પગલે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક રહીશો ઘડીભર થંભી ગયા હતા અને દૂરથી આખલા યુદ્ધ નિહાળવા લાગ્યા હતા. દરમિયાન, સ્થાનિક રહેવાસી નિલેશભાઈએ હિંમત દાખવી લાકડી લઈને બંને આખલાઓને છૂટા પાડવા અને લડતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, બંને આખલા પોતાના જોશમાં એટલા મશગૂલ હતા કે સરળતાથી છૂટા પડવા તૈયાર નહોતા.

સ્થાનિકોમાં એવી ચર્ચા જાગી હતી કે શહેરમાં વિકાસની વાતો વચ્ચે રખડતા આખલાઓની સમસ્યા યથાવત રહેતા નાગરિકો અને વાહનચાલકોની સુરક્ષા સામે સવાલો ઊભા થાય છે. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટી નુકસાનીના અહેવાલ નથી, પરંતુ તહેવારના દિવસે સર્જાયેલા આ દ્રશ્યે સંદર્ભે રખડતા પશુઓ સંદર્ભેની લોકોમાં ચિંતા જરૂર જગાવી છે.

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૮૪૦	૧૮૩૫
૨	કપાસ મીડીયમ	૧૭૪૦	૧૮૧૦
૩	મગફળી	૧૪૨૧	૧૫૬૫
૪	તલ કાળા	૩૩૩૦	૪૦૭૦
૫	જીરૂ	૪૬૫૦	૫૩૦૦
૬	ચણા	૧૪૩૦	૧૪૯૦
૭	ઘઉં	૫૮૦	૭૦૪
૮	અડદ	૧૭૭૦	૧૮૭૦
૯	સોયાબીન	૧૫૦૧	૧૫૨૧

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૧૩૦૦	૧૬૫૦
૨	શીંગ મોટી	૧૩૫૦	૧૭૧૧
૩	તલ સફેદ	૨૭૦૦	૩૪૦૦
૪	તલ કાળા	૩૬૫૦	૪૦૦૦
૫	જીરૂ	૪૫૦૦	૫૧૨૦
૬	કપાસ	૧૮૫૦	૧૯૧૧
૭	ઘઉં લોકવન	૫૫૧	૬૧૦
૮	ઘઉં ટુકડા	૬૦૦	૬૬૧
૯	બાજરો	૪૨૦	૫૬૫
૧૦	જુવાર	૧૦૦૦	૧૬૦૦
૧૧	અડદ	૧૫૦૫	૧૯૧૧
૧૨	ચણા	૧૨૭૫	૧૪૮૪
૧૩	દેશી ચણા	૧૨૨૦	૧૪૧૧
૧૪	તુવેર	૧૫૦૦	૨૦૦૨
૧૫	મેથી	૧૨૦૦	૧૫૨૦
૧૬	ધાણા	૨૯૫૦	૩૪૦૦
૧૭	સોયાબીન	૧૩૬૦	૧૪૪૧

પાના ૮ ઉપરનું ચાલું

વન નેશન વન ઈલેક્શન નહી

કરવામાં આવે તો ખર્ચ ઓછો થશે અને તેનાંલીધેરોજગારી પણવધશે. છતાંપણ થોડો ખર્ચ વધે તો પણ દેશવાસીઓને ફાયદો થશે. કારણ કે પાંચ વર્ષે ચૂંટણી યોજાતી હોવાથી ચૂંટાયેલ જનપ્રતિનિધિઓજનલક્ષી કામ કરવામાં ઉદાસીન બને છે.

દેશનાંરાજકીય પક્ષો કોઈથી ડરતા નથી. તેઓ માત્ર ચૂંટણીથી ડરે છે અને દર વર્ષે કોઈને કોઈ ચૂંટણી આવે એટલે તેઆપોઆપ તમામ સમસ્યા દૂર કરવામાં જ વ્યસ્ત રહે. કારણ કે તો જ તેમનેકેતેમના પક્ષનેવિજેતાબનાવીશકે.

જો ''વન નેશન વન ઈલેકશન'' લાગુ થાય તો જનતાનાં મત મેળવીને ૪ વર્ષ સુધી જનપ્રતિનિધિઓ ગોત્યા જડે નહી અનેજયારે પાંચમાંવર્ષે ચૂંટણી આવે ત્યારે જ દર્શન દે કે જનલક્ષી કામ કરે. પૂનઃ કામ કરવાનું વચન આપીને પૂનઃ સત્તા મેળવીને જલ્સા કર્યા કરે.

દેશનાં સર્વાંગી વિકાસ માટે લાંબા મનોમંથન બાદ વિચારવું જરૂરી છે કે દેશનાંવિકાસનું એકમાત્ર બ્રહ્માસ્ત્ર વન યર વન ઈલેકશન જ છે.

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ એ	૧૬૭૩	૧૯૧૧
૨	મગફળી	૧૦૦૦	૧૫૫૧
૩	ઘઉં	૫૩૫	૬૧૧
૪	ચણા	૧૨૨૦	૧૪૬૬
૫	તુવેર	૧૬૫૫	૧૬૫૫
૬	ધાણા	૨૫૧૦	૨૬૦૦
૭	તલ	૨૧૦૦	૨૮૦૦
૮	અડદ	૧૬૦૦	૧૬૪૫
૯	એરંડા	૧૧૦૦	૧૧૦૦
૧૦	કલોંજી	૨૦૦૦	૪૮૦૦
૧૧	બાજરો	૪૬૫	૫૦૧
૧૨	સોયાબીન	૧૪૧૦	૧૪૯૩

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૨૫	૧૮૭૮
૨	મગફળી	૧૨૬૧	૧૫૫૨
૩	ચણા	૧૨૬૭	૧૪૬૧
૪	જુવાર	૮૦૦	૧૨૦૧
૫	તલ કાળા	૩૨૬૦	૩૨૬૦
૬	તલ સફેદ	૩૦૦૦	૩૦૦૦
૭	સોયાબીન	૧૪૭૫	૧૪૭૫

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૭૦૦	૧૯૨૮
૨	ઘઉં ટુકડા	૫૦૦	૬૩૨
૩	ઘઉં ટુકડા	૫૮૮	૬૦૭
૪	મગફળી	૧૨૬૫	૧૪૧૫
૫	ચણા	૧૨૦૦	૧૪૫૪
૬	સોયાબીન	૧૧૨૫	૧૪૫૭
૭	શીંગદાણા	૧૮૦૦	૧૮૦૦
૮	તુવેર	૧૪૨૦	૧૭૪૮
૯	ચણા સફેદ	૧૧૦૦	૧૩૦૦
૧૦	ધાણા	૨૮૮૦	૩૨૦૦
૧૧	લસણ	૧૨૦૦	૧૪૨૫
૧૨	અડદ	૧૭૦૦	૧૯૦૦
૧૩	તલ કાળા	૨૦૦૦	૩૯૨૫
૧૪	તલ સફેદ	૨૫૦૦	૩૩૪૫
૧૫	બાજરો	૫૨૫	૫૨૫

પાના ૧ ઉપરનું ચાલું

ફેસબુક પર લોહાણા સમાજ

મર્યાદામાં રહીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.

આ રજૂઆતમાં શ્રી લોહાણા યુવક મંડળ – અમરેલીના યોગેશભાઈ ગણાત્રા, મહેશભાઈ સોમૈયા, ભાવેશભાઈ સોમૈયા, આશિષભાઈ ગણાત્રા, વિપુલભાઈ સવાણી, માનવભાઈ વસાણી, નરેશભાઈ માધવાણી, નંદકિશોરભાઈ રાજા, તેજસભાઈ મસરાણી સહિતના યુવાનો જોડાયા હતા.

દામનગરમાં ગાયત્રી મંદિરે બુધવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

દામનગર, તા. ૨૩

દામનગરનાં ગાયત્રી મંદિરે તા. ૨૫/૧૧/૨૬ને બુધવારે સીનિયર સીટીઝન ટ્રસ્ટ દામનગર, ગાયત્રી મંદિર દામનગર અને શ્રી ભૂરખીયા હનુમાનજી મંદિરનાં સયુક્ત ઉપક્રમે સવારનાં ૮થી ૧૧:૩૦ વાગ્યા સુધી ૮૮મો વિના મૂલ્યે યોજાનાર નેત્ર નિદાન કેમ્પનો લાભ લેવા આયોજકોએ જણાવેલ છે. કેમ્પનો લાભ લેવા આવનાર આંખનાં દર્દીઓએ આધાર પુરાવા સાથે આવવું.

:: પબ્લીક નોટિસ ::

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવાની કે, અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકાનાં મોજે **હરસુરપુર** ગામે આવેલ ખેડ ખાતા નં. ૨૧૭, સ.નં. ૧૬, હે.આ.ચો.મી. ૨–૯૬–૩૪ વાળી ખેતીની જમીન **ડેર દેવાયતભાઈ હાથીભાઈ વિ.** નાં કબ્જા વ ભોગવટાની મીલ્કત માંથી હે.આ.ચો.મી. ૧–૪૫–૭૦ વાળી ખેતીની જમીન અમારા અસીલ **જીવરાજભાઈ લક્ષ્મણભાઈ શિંગાળા** વિ. બિનશરતી અઘાટ વેચાણથી ખરીદવા માંગે છે.

સબબ સદરહું મિલ્કત સામે કોઈપણ વાંધા–તકરાર હોય કે આ મિલ્કતમાં સહકારી / અર્ધસહકારી / સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક કે બાનાખત, કબ્જો વિ. હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયાનાં દિન–૦૭માં સંપુર્ણ આધાર પુરાવા સાથે અમારા નીચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. તેમા કસૂર થયે સહકારી/અર્ધસહકારી/સરકારી કે ખાનગી સંસ્થા કે વ્યકિતગત કોઈપણ સ્વરૂપે હક્ક, હિત, હિસ્સો, ગીરો, બોજો, અગ્રહક્ક કે બાનાખત, કબ્જો વિ. કે કોઈપણ પ્રકારનો વાંધો નથી અને હોય તો તે જતો (વેઈવ) કરેલ હોવાનું ગણી મારા અસીલ અવેજની રકમ ચૂકવીને વેચાણ દસ્તાવેજ રજી. કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને સુદ્ધ–બુદ્ધીનાં ખરીદનાર તરીકે કોઈપણ વાંધા તકરાર બંધન કર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

(અમારા અસીલ વતી)

કીરીટ એલ.પરવાડીયા (એડવોકેટ)
નાગનાથ કોમ્પ્લેક્ષ, મું. બાબરા, જિ.અમરેલી

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ	૧૩૦૧	૧૫૬૧
૨	તલ સફેદ	૨૫૦૦	૩૫૦૧
૩	તલ કાળા	૩૨૦૧	૩૯૦૧
૪	કપાસ	૧૭૫૦	૧૮૮૦
૫	બાજરો	૪૮૦	૬૪૦
૬	ઘઉં ટુકડા	૫૯૧	૬૮૫
૭	જુવાર	૯૦૦	૧૭૦૦
૮	મકાઈ	૫૫૦	૫૫૦
૯	મગ	૧૦૦૦	૩૪૦૦
૧૦	અડદ	૧૮૦૦	૨૦૦૧
૧૧	ચણા	૧૩૧૪	૧૬૦૦
૧૨	મેથી	૧૪૦૦	૧૪૦૦
૧૩	સોયાબીન	૧૨૫૧	૧૫૨૫

સાવરકુંડલા : મેકડા અને ફાચરીયામાં રૂા. ૯.૩૭ કરોડનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત







સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મતવિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસને વેગ આપવા તથા નાગરિકોને વધુ સારી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી રૂ. ૯.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા–લીલીયા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે વિવિધ ગામોમાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવતાં ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ પ્રસંગે ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધા, વાહનવ્યવહારની સરળતા, વરસાદી પાણીના નિકાલ અને માર્ગ સલામતીને ધ્યાનમાં રાખીને વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. મેકડા ગામે વંડા–મેકડા રોડ પર રીસરફેસિંગ, પ્રોટેકશન વોલ તેમજ સીસી રોડના નિર્માણ માટે રૂ. ૨.૨૫ કરોડના વિકાસકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામ પૂર્ણ થતાં માર્ગની સ્થિતિમાં સુધારો થશે અને વાહન ચાલકોને વધુ સુગમ તથા સુરક્ષિત અવરજવરનો લાભ મળશે.,મેકડા–ઈંગોરાળા રોડ પર મેકડા ગામ ખાતે ૩.૭૫ મીટરની પહોળાઈ ધરાવતાસીસી રોડના રૂ. ૧.૫૦ કરોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મેકડા–આંકોલડા માર્ગના રીસરફેસિંગ અંતર્ગત આંકોલડા ગામે સીસી રોડ અને પ્રોટેકશન વોલના રૂ. ૧.૫૦ કરોડના કામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.તે ઉપરાંત મેકડા–શેલાણા કાચા રસ્તા પર સ્લેબ, પ્રોટેકશન વોલ અને સીસી રોડના રૂ. ૬૫ લાખના ખર્ચે પૂર્ણ થયેલા વિકાસ કાર્યનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કામથી સ્થાનિક ગ્રામજનોને અવરજવરમાં સરળતા મળશે તેમજ વરસાદી ઋતુ દરમિયાન પણ માર્ગનો ઉપયોગ વધુ સુગમ બનશે.મેકડા ગામ ખાતે રાષ્ટ્રના એકતાના પ્રતિક અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સાથે રૂ. ૫ લાખના ખર્ચે નિર્માણ પામેલા નવા બસ સ્ટેન્ડનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સુવિધાથી ગામના નાગરિકો અને મુસાફરોને વધુ સારી જાહેર પરિવહન સુવિધા ઉપલબ્ધ બનશે. ફાચરિયા ગામે રૂ. ૬૦ લાખના ખર્ચે નિર્માણ પામેલા સુવિધા પથનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વંડા–ફાચરિયા–ખાલપર માર્ગના રૂ. ૨ કરોડના રીસરફેસિંગ કામનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ માર્ગના નવીનીકરણથી આસપાસનાં ગામોના નાગરિકો, ખેડૂતો તેમજ વાહન ચાલકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ફાચરિયા ગામ ખાતે રૂ. ૧૨ લાખના ખર્ચે હાથ ધરાનાર વિવિધ વિકાસકાર્યોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્યો ગામની પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આંકોલડા એપ્રોચ રોડ પર રીસરફેસિંગ અને સીસી રોડનાં કામોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે ગામ સુધી પહોંચતા માર્ગની સુવિધામાં સુધારો થશે અને સ્થાનિક લોકોને દૈનિક અવરજવરમાં સરળતા રહેશે. ધારાસભ્યના માર્ગદર્શન અને સતત પ્રયત્નોથી મતવિસ્તારના ગામડાંઓમાં પાયાની સુવિધાઓનો વ્યાપ વધે અને વિકાસનાં કામો છેવાડાના માનવી સુધી પહોંચે તે દિશામાં સતત કામગીરી કરવામાં આવી રહી છે. વિકાસ એ જ સંકલ્પ અને જનસુવિધા એ જ પ્રાથમિકતાના ધ્યેય સાથે સાવરકુંડલા– લીલીયા મત વિસ્તારને વધુ સુવિધાસભર અને વિકાસશીલ બનાવવાની દિશામાં આ વિકાસકાર્યો એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. આમ, સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મતવિસ્તારના મેકડા ફાચરીયા ગામ માં રૂ. ૯.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થકી ગ્રામ્ય વિસ્તારોના વિકાસને નવી દિશા અને ગતિ મળી રહી છે. ખાસ કરીને રસ્તાઓના નવીનીકરણ, સીસી રોડ, પ્રોટેકશન વોલ, સ્લેબ, સુવિધા પથ અને જાહેર પરિવહનની સુવિધાઓના વિકાસથી ગ્રામ્ય જનજીવન વધુ સરળ બનશે.

શાળાના બાળકોએ નિબંધ સ્પર્ધામાં ઝળહળતી સફળતા મેળવી

ચક્કરગઢ : સુભાષ એકેડેમી આયોજિત સ્પર્ધામાં ચાર વિદ્યાર્થીઓએ મેળવ્યું સ્થાન

રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર અને ટ્રોફીક એનાયત કરાયાં

અમરેલી, તા.૨૩

અમરેલી તાલુકાના ચકકરગઢ ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ સુભાષ એકેડેમી દ્વારા આયોજિત નિબંધ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં શાળાના ચાર વિદ્યાર્થીઓએ સફળતા મેળવી પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો હતો.



આ સિદ્ધિ બદલ એસ.એમ.સી.ના અધ્યક્ષ અમિતભાઈ પરમાર તથા ગામના સરપંચ વિપુલભાઈ ધોરાજીયાએ શાળાના આચાર્ય સંજયભાઈ ત્રિવેદી, સફળ વિદ્યાર્થીઓ, માર્ગદર્શક શિક્ષિકા અને સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

આ સ્પર્ધામાં પંકજ સોહનભાઈ કટારા, એશા વસંતભાઈ કાબરિયા, હેત્વી રેવાભાઈ મુંધવા અને હેમાંશી નીતેશભાઈ માધડે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી. સફળતા મેળવનાર તમામ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ તેમના માર્ગદર્શક શિક્ષિકા સંગીતાબેન કાકડિયાની મહેનત અને માર્ગદર્શન પણ મહત્વપૂર્ણ રહ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને નિબંધ સ્પર્ધા માટે તૈયાર કરવામાં વિશેષ જહેમત ઉઠાવી હતી.

શાળાના વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ એસ.એમ.સી.ના અધ્યક્ષ અમિતભાઈ પરમાર તથા ગામના સરપંચ વિપુલભાઈ ધોરાજીયાએ શાળાના આચાર્ય સંજયભાઈ ત્રિવેદી, સફળ વિદ્યાર્થીઓ, માર્ગદર્શક શિક્ષિકા અને સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

અમરેલી : જિલ્લા રોજગાર કચેરી દ્વારા ૨૬ નવેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી તા.૨૩ નવેમ્બર, ૨૦૨૬– રાજય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલી દ્વારા આગામી તા. ૨૬ નવેમ્બર ગુરૂવારના રોજ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલી ખાતે સવારે ૧૧.૦૦ કલાકથી અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતીમેળામાં આઈ. ટી.એમ સ્કીલ એકેડમી (આઈ.સી. આઈ.સી.આઈ) બેંક દ્વારા રિલેશનીપ મેનેજર, લાયકાત ગ્રેજયુએશન પ૦ ટકા સાથે ૧૮થી ૨૫ વર્ષની વય મર્યાદા ધરાવતા ઉમેદવારો માટે તક છે. આ જગ્યા માટે રૂ. ૨૫,૦૦૦ પગાર આપવામાં આવશે. જયારે આઈ.સી. આઈના હોમ ફાઈનાનસ દ્વારા આસિસ્ટન્ટ મેનેજર લાયકાત એમ.બી.એ અને ૨૨ વર્ષથી ૨૬ વર્ષની મર્યાદા ધરાવાત ઉમેદવારો માટે તક છે. આ જગ્યા માટે રૂ. ૩૩,૩૩૩ સુધી પગાર આપવામાં આવશે. જયારે એચ.ડી.એફ.સી લાઈફ ઈન્શ્યુરન્સ (અમરેલી) દ્વારા એરિયા મેનેજરની જગ્યા માટે ગ્રેજયુએશન અને ૨ વર્ષનો સેલ્સ અનુભવ ધરાવતા ઉમેદવારની આવશ્યકતા છે. જયારે એજન્સી પાર્ટનરની જગ્યા માટે ધો. ૧૨ પાસ અને ફાઈનાન્સિયલ એડવાઈઝર માટે ધો. ૧૦ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા માટે વિવિધ રોજગારની તકો ઉપલબ્ધ રહેશે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાતના મૂળ પ્રમાણપત્રો, આધારકાર્ડ તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળામાં ઉપસ્થિત રહેવું.આ ભરતી મેળામાં ઉમેદવારોએ પાતોના બાયોડેટા, શૈક્ષણિક પ્રમાણપત્રો, પાસપાપોર્ટ સાઈઝના ફોટોગ્રાફસ, આધાર કાર્ડ, અનુભવનું પ્રમાણપત્ર સાથે રાખવાનું રહેશે.

વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો ફોન નંબર ૦૨૭૯૨ ૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકાય છે.

સાવરકુંડલા : વિસ્તરતા કોંક્રિટનાં જંગલો વચ્ચે ઘટતી જમીન : વિકાસની આંધળી દોડ વિનાશ નોતરશે

આજના આધુનિક યુગમાં ઝડપી વિકાસની લ્હાયમાં કુદરતી સંસાધનો અને ખાસ કરીને જમીનનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. સિમેન્ટ–કોંક્રિટના જંગલો સતત વિસ્તરી રહ્યા હોવાથી જમીન સીમિત થઈ રહી છે, જેની ગંભીર અસર પર્યાવરણ અને માનવજીવન પર જોવા મળી રહી છે.

વર્તમાન સમયમાં રહેણાંક મકાનો, દુકાનો, મહાકાય ફેકટરીઓ, કારખાનાઓ, રસ્તાઓ અને હોટેલ–રિસોર્ટ જેવા બાંધકામો માટે જમીનનો મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે. આ ઉપરાંત બુલેટ ટ્રેન, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ, ડબલ ટ્રેક, સિકસ–લેન નેશનલ હાઈવે અને મહાબંદરો જેવા ગંજાવર પ્રોજેકટસ માટે ખેતીવાડીની કે ફાજલ જમીનનું સંપાદન થવાથી ખેતીલાયક જમીનો બિનખેતી થઈ રહી છે. પરિણામે ખેતરો અને જંગલો ઘટી રહ્યા છે અને જમીનના અભાવે હવે વનસ્પતિઓ પણ મકાનોની દીવાલો અને છતો ફાડીને ઉગવા મજબૂર બની છે.

ઘણી જગ્યાએ તો દરિયાને પૂરીને પણ આખેઆખા નગરો વસાવવામાં આવી રહ્યા છે. ઔદ્યોગિકીકરણ અને આવા હાઈટેક બાંધકામોને લીધે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વકરી રહી છે, જેના કારણે શીતપ્રદેશની હિમશીલાઓ પીગળી રહી છે. જો આ જ સ્થિતિ રહી તો સમુદ્રનું જળસ્તર ઊંચું આવશે અને દ્વારકાની જેમ વિના દરિયાકિનારે વસેલા અનેક શહેરો પાણીમાં ગરકાવ થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ, જંગલ વિસ્તારો ઘટવાને કારણે હિંસક વન્યપ્રાણીઓ રહેણાંક વિસ્તારોમાં ઘૂસી રહ્યા છે, જેનાથી માનવજીવન અત્યંત દોહ્યલું બની રહ્યું છે.

વિજ્ઞાન ભલે અવકાશમાં તરતી વસાહતો બાંધવા કે ચંદ્ર અને મંગળ જેવા ગ્રહો પર વસવાટ કરવાની તૈયારી કરી રહ્યું હોય, પરંતુ પૃથ્વી પરની જમીન મર્યાદિત છે અને તે ઉગાડી શકાતી નથી. જો આ જ રીતે જમીનનો ભોગ લેવાતો રહેશે, તો ભવિષ્યમાં માનવીને દફન કરવા માટે પણ જમીન નહીં મળે તેવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. વનસ્પતિ તો પોતાનો રસ્તો શોધીને દીવાલો ફાડીને પણ ખીલી ઊઠે છે, પરંતુ માનવીએ હવે જાગૃત થવાની જરૂર છે. વિકાસ વિકરાળ રૂપ ધારણ કરીને વિનાશ નોતરે તે પહેલાં જમીનને જીવની જેમ સાચવવી અને તેનું જતન કરવું અનિવાર્ય બન્યું છે, જેથી આવનારી મોટી આફતોથી બચી શકાય.

જૂની અદાવતમાં છ શખ્સોનો પરિવાર પર હથિયારો સાથે હુમલો

ઉનાનાં ઉમેજ ગામે ધારીયા, કુહાડી અને લોખંડનાં પાઇપ વડે હુમલામાં પિતા–પુત્ર સહિત ચાર લોકોને ઇજાઓ

મનસુબેન ગોહિલ હત્યા કેસમાં સાક્ષી હોવા અને આરોપીની જામીન અરજીનાં મનદુઃખમાં હુમલો કર્યાની ફરિયાદ

ઉના, તા. ૨૩

ગીર સોમનાથ જિલ્લાનાં ઉના તાલુકાનાં ઉમેજ ગામે નેસડા રોડ પર આવેલા વાડી વિસ્તારમાં જૂની અદાવતને લઈને હિંસક હુમલાની ઘટના સામે આવી છે. ત્રણ અલગ– અલગ મોટરસાઈકલ પર આવેલા છ શખ્સો ધારીયા, કુહાડી અને લોખંડનાં પાઈપ જેવા હથિયારો સાથે એક પરિવારનાં ડેલામાં ઘૂસી ગયા હતા અને પરિવારનાં સભ્યો પર હુમલો કર્યો હતો. આ હુમલામાં મનુભાઈ ભૂપતભાઈ ખસીયા સહિત ચાર લોકોને ઈજાઓ પહોંચી છે. મનુભાઈને માથાનાં ભાગે હેમરેજ જેવી ગંભીર ઈજાઓ થતાં ભાવનગરની સર. ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જયાં તેઓ આઈસીયુમાં સારવાર હેઠળ છે.

ફરિયાદ મુજબ, આશરે સાત મહિના અગાઉ મનસુબેન ગોહિલની હત્યા થઈ હતી. આ કેસમાં ફરિયાદી પરિવારનાં સભ્યો સાક્ષી છે. મનસુબેન અને સતીશભાઈ વચ્ચે પ્રેમસંબંધ હતો અને બંને લગ્ન કરવા ઈચ્છતા હતા. હત્યા કેસનાં એક આરોપી મનુભાઈ જામીન પર મુક્તથયા બાદ સતીશભાઈએ ગુજરાત હાઈકોર્ટમાં તેમની જામીન અરજી નામંજૂર કરવા અરજી કરી હતી. આ બાબતનું મનદુઃખ રાખીને હુમલો કરવામાં આવ્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૨૧ નવેમ્બરની રાત્રે જગદીશ ઉર્ફે જગો ખસીયાનાં ફોન બાદ છ શખ્સો ત્રણ મોટરસાઈકલ પર હથિયારો સાથે ડેલામાં આવ્યા હતા. ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા શખ્સોએ મનુભાઈનાં માથામાં ધારીયાનો ઘા માર્યો હતો. પિતાને છોડાવવા વચ્ચે પડેલા ધર્મેશભાઈને પણ માથામાં ધારીયાનો ઘા મારવામાં આવ્યો હતો. જયારે તેમના ભાઈ વિક્રમભાઈ પર પણ ધારીયાથી હુમલો કરાયો હતો. પરિવારની મહિલાઓને પણ માર મારવામાં આવ્યો હતો.

આ હુમલામાં સંડોવાયેલા હોવાનું ફરિયાદમાં જણાવાયેલા શખ્સોમાં (૧) જગદીશ ઉર્ફે જગો ઘીરૂભાઈ ખસીયા, (૨) ગીગુભાઈ ઘીરૂભાઈ ખસીયા, (૩) પ્રતાપભાઈ મનસુખભાઈ ખસીયા, (૪) પૃથ્વીરાજ બાબુભાઈ ખસીયા, (૫) રણજીતભાઈ ગીગુભાઈ ખસીયા (તમામ રહે. ઉમેજ, તા. ઉના) અને (૬) લાલજીભાઈ સંજયભાઈ ગોહિલ (રહે. નાંદરખ, તા. ઉના)નો સમાવેશ થાય છે.

હુમલા બાદ ઈજાગ્રસ્તોને પ્રથમ ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે મનુભાઈ, ધર્મેશભાઈ અને વિક્રમભાઈને ભાવનગરની સર.ટી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ધર્મેશભાઈને માથામાં ૧૦ ટાંકા આવ્યા છે અને હાથમાં ફ્રેકચર થયું છે, જયારે વિક્રમભાઈને માથાનાં બંને ભાગે મળીને ૧૩ ટાંકા આવ્યા છે. મનુભાઈની હાલત ગંભીર હોવાથી તેમને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ મામલે ધર્મેશભાઈની ફરિયાદનાં આધારે ઉપરોક્ત છ શખ્સો વિરૂધ્ધ ઉના પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તથા હથિયારબંધીનાં જાહેર નામાના ભંગ હેઠળ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમરેલી : એન્ટિબાયોટિક્સનો બિનજરૂરી ઉપયોગ ટાળવા જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો













અમરેલી જિલ્લામાં ''વિશ્વ એન્ટિમાઈક્રોબિયલ જાગૃતિ સપ્તાહ''ની ઉજવણીનાં ભાગરૂપે એન્ટીમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ અંગે બહોળી જનજાગૃતિ ફેલાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત જિલ્લા કલેકટરનાં અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને નગરપાલિકાનાં પ્રમુખ, ધારાસભ્ય તેમજ જિલ્લાનાં અન્ય ઉચ્ચ અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં એએમઆર અંગે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી અને સૌને જાગૃતિ અંગેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ અભિયાનને વધુ વેગવંતુ બનાવવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી દ્વારા ''કેમિસ્ટ એન્ડ ડ્રુગિસ્ટ એસોસિએશન''નાં સહયોગથી અમરેલી ખાતે વિશેષ જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમ તથા એસોસિએશનનાં સભ્યોએ શહેરનાં વિવિધ મેડિકલ સ્ટોર્સની રૂબરૂ મુલાકાત લીધી હતી. જાહેર જનતામાં દવાઓના યોગ્ય ઉપયોગ અંગે જાગૃતિ આવે તે હેતુથી મેડિકલ સ્ટોર્સ પર ''No Prescription, No Antibiotics'' અને ''ડોકટરની સલાહ મુજબ જ એન્ટિબાયોટિક દવાઓનો ઉપયોગ કરો'' જેવા જનજાગૃતિના સંદેશા દર્શાવતા સ્ટીકરો લગાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જિલ્લાની તમામ આરોગ્ય સંસ્થાઓ દ્વારા પણ વિશ્વ એન્ટિમાઈક્રોબિયલ જાગૃતિ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે નાગરિકોને એએમઆર અંગે માર્ગદર્શન આપી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

બાળકોમાં જોવા મળતા બધા જ પ્રકારના રોગોનું નિદાન અને સારવાર તાજા જન્મેલા બાળકની સારવાર ઉપલબ્ધ
ડો.કલ્પેશ વધાસિયા
(પીડિયાટ્રિકસ)
બાળરોગ નિષ્ણાંત
24/7 Emergency Services
GUVNL
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧
ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 99789 66629

આઝાદીનાં ૮૦ વર્ષ બાદ પણ અપુરતા થયેલ વિકાસને ઝડપી બનાવવા માટે

વન નેશન વન ઈલેકશન નહી, વન યર વન ઈલેકશન જરૂરી

દેશમાં ફેલાયેલ બેઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર સહિતની અગણિત સમસ્યાનું એકમાત્ર સમાધાન વન યર વન ઈલેકશન

દેશનું ભવિષ્ય ઘડવાનું કામ જે રાજકીય પક્ષોનું છે તેઓ જનતાની માત્ર ચૂંટણીનાં સમયે જ શરમ કરે છે

એક વખત ચૂંટણી પૂર્ણ થઈ એટલે મોટાભાગે કોણ તમે અને કોણ અમે તેવું થાય છે

એક વર્ષે લોકસભા, બીજા વર્ષે વિધાનસભા, ત્રીજા વર્ષે તાલુકા-જિલ્લા પંચાયતો અને ચોથા વર્ષે પાલિકા/મહાનગરપાલિકાની ચૂંટણી થાય તો જુઓ બેડો પાર

અમરેલી, તા. ૨૩

ભારત દેશમાં "વન નેશન વનઈલેકટશ"નાંઆયોજનઅંગેવિવિધ સમિતિ ધ્વારા સમીક્ષા કરવામાં આવી રહી છે. પરંતુ, દેશની અગણિત સમસ્યાનાંસમાધાનમાટે"વનનેશનવન ઈલેકશન" નહી પરંતુ, "વન યર વન ઈલેકશન" મુજબ કાર્ય થાય તો દેશ ૨૦૪૭માંચોકકસવિકસિતબનીજશે.

આ અંગેની વિગત એવા પ્રકારનીછે કે, આજે દેશમાં પંચાયતથી લઈનેપાર્લામેન્ટનીચૂંટણીપાંચવર્ષેથાય છે તેના બદલે અમેરિકાની જેમ દરેક ચૂંટણી જો ચાર વર્ષે યોજાઈ અને તેમાં પ્રથમ વર્ષે પાર્લામેન્ટ, બીજા વર્ષે વિધાનસભા, ત્રીજા વર્ષે તાલુકા/જિલ્લા પંચાયતો અને ચોથા વર્ષે પાલિકા/મહાનગરપાલિકાની ચૂંટણી યોજાઈ તો રાજકીય પક્ષોનાં કાર્યકરો, આગેવાનોઅનેજનપ્રતિનિધિઓહંમેશા દેશનાંનાગરિકોનીવચ્ચેરહેવામજબુર બને, જનતાનીસમસ્યાનુંનિરાકરણકરે. કારણ કે દર વર્ષે કોઈને કોઈ ચૂંટણી યોજાવાની હોવાથી મત મેળવવાની લાલચમાં જનલક્ષી કામ કરવા મજબુર બને.

હવે, પ્રશ્ન એ ઉભો થાય છે કે દર વર્ષે ઈલેકશન થાય તો સરકારનો ખર્ચ વધી જાય, પરંતુ દરેક ચૂંટણીનો અને ઉમેદવારોનો ખર્ચ સરકાર જ કરે અને તેની પણ મર્યાદિત રકમ નકકી

અનુસંધાન પાના ૬ ઉપર

દેશનાં ગૌરવસમાં સિંહો મુકત હવામાં ફરે છે

લ્યો બોલો : વડિયાનાં મોરવાડા ગામે સિંહનું આગમન : પશુનું કર્યું મારણ

શિકારની મિજબાની માણતો વિડીયો વાયરલ

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લો ગી રકાંઠે આવેલજિલ્લોછેઅનેવર્ષોપહેલાદેશનાં ગૌરવસમા સિંહો ભાગ્યે જ જિલાની હદમાં પ્રવેશતાહતાઅનેહવે, જિલ્લાનાં એકાદતાલુકાનેબાદકરતાંતમામતાલુકા વિસ્તારમાં સિંહોની અવરજવર જોવા મળીરહીછે.

એકતરફસિંહોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે અને બીજી તરફ સિંહનાં વસવાટ માટે જમીન ઘટી રહી હોવાથી સિંહો જંગલ છોડી માનવ વસાહતમાં આવવા મજબુર બન્યા છે.



તાજેતરમાં વડિયાનાં મોરવાડાવિસ્તારમાંસિંહેમારણકર્યાની અનેતેનીમિજબાનીકરીહોવાનોવિડીયો સોશ્યલમીડિયામાંવાયરલથઈરહ્યોછે.

અમરેલી જિલ્લામાં રખડતા પશુઓની સમસ્યા દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા

સાવરકુંડલામાં આખલા યુધ્ધનાં કારણે શિવશકિત અને નાગનાથ સોસાયટી વિસ્તારમાં અફડાતફડી મચી

જનપ્રતિનિધિઓ વિકાસ અંગે હાંકલા પડકારા કરીને માત્ર સંતોષ માને છે



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા શહેરમાં એક તરફ તુલસી વિવાહ જેવું પાવન અને ઉત્સાહભર્યું પર્વ ઉજવાઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ રખડતા ઢોર અને આખલાઓના ત્રાસની વાસ્તવિકતા ફરી એકવાર સપાટી પર આવી છે. સાવરકુંડલાના શિવશકિત સોસાયટી અને નાગનાથ સોસાયટી વિસ્તાર વચ્ચે બે આખલાઓ વચ્ચે જોરદાર આખલા યુદ્ધ જામ્યું હતું, જેના કારણે થોડા સમય માટે આસપાસના વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

મળતી વિગતો અનુસાર, શિવશકિત સોસાયટી અને નાગનાથ સોસાયટી મધ્યે બે આખલા સામસામે આવી ગયા હતા અને જાણે કોઈ જૂનું વેર વાળતા હોય તેમ એકબીજા પર તૂટી પડયા હતા. બંને આખલા વચ્ચે

અનુસંધાન પાના ૬ ઉપર

અચાનક લાગેલ આગથી અફડાતફડી

બગસરામાં ખેડૂતનાં તબેલામાં આગ લાગતા ૨૨ લાખનું નુકસાન

૧૫ લાખનો ઘાસચારો બળીને ખાખ

બગસરા, તા. ૨૩

બગસરામાં ઘુડેસિયા જવાના માર્ગ પર આવેલા ખેડૂતનાં તબેલામાં અચાનક જ આગ ભભૂકી ઉઠતા રૂા. ૨૨ લાખનું નુકસાન અને ૧૫ લાખનો તથા સેડ મળી કુલ ૨૨ લાખ જેવું નુકસાન થયેલ છે. ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો.

બગસરામાં ઘુડેસિયા જવાના માર્ગ પર આવેલી હર્ષદભાઈ વિઠ્ઠલભાઈ હિરાણીના તબેલામાં શોર્ટ સર્કિટને કારણે અચાનક જ આગ ફાટી નીકળી હતી. થોડીવારમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા પતરાના શેડમાં રાખેલો રૂપિયા દસ લાખનો ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો. આ ઘટનાની જાણ બગસરા ફાયર વિભાગને થતા ફાયર વિભાગનો સ્ટાફ પણ દોડી આવ્યો હતો. આગ કાબુમાં ન આવતા તાત્કાલિક અમરેલી ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી જેથી અમરેલીથી પણ સ્ટાફ દોડી આવ્યો હતો અને પાણીનો મારો ચલાવી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

આગને કાબુમાં લેવા પ્રયાસ કર્યો હતો. ચાર કલાક સુધી પાણીનો મારો કર્યા બાદ આગ આંશિક રીતે કાબુમાં આવી હતી. ૩૦૦ જેટલા પશુઓનો ઘાસચારો બળીને ખાખ થઈ જતા ખેડૂતને ભારે નુકસાની સહન કરવાનો વારો આવ્યો હતો.

FSSAIએ કાર્યવાહી મંજૂર કરતાં કંપનીએ આરોપો ફગાવ્યા

બિસલેરીના પાણીના સેમ્પલમાં ખામીનો મામલો ગરમાયો

ગોવાના પ્લાન્ટમાંથી લેવાયેલા છ સેમ્પલ પૈકી પાંચ પાસ, એકમાં બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદા કરતાં વધુ મળ્યું

નવી દિલ્હી, તા. ૨૩

દેશભરમાં બોટલબંધ પીવાના પાણી માટે જાણીતી બિસલેરી કંપનીના પાણીના સેમ્પલને લઈને વિવાદ ઊભો થયો છે. ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ (FSSAI) દ્વારા કરવામાં આવેલી તપાસમાં કંપનીના એક સેમ્પલમાં બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદા કરતાં વધુ નોંધાયું હોવાનું સામે આવ્યું છે. ત્યારબાદ રેફરલ લેબોરેટરીમાં કરવામાં આવેલી તપાસમાં પણ અન્ય ગુણવત્તા સંબંધિત ખામીનો ઉલ્લેખ થતાં પાણીના સેમ્પલને અસુરક્ષિત ગણવામાં આવ્યું છે. આ મામલે કંપની વિરુદ્ધ કાર્યવાહી કરવાની મંજૂરી આપવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું છે.

જોકે, બિસલેરી કંપનીએ આ મામલે સ્પષ્ટતા કરતાં આરોપોનું ખંડન કર્યું છે. FSSAIની તપાસ અનુસાર, બિસલેરીના પાણીના એક સેમ્પલમાં બ્રોમેટનું પ્રમાણ પ્રતિ લિટર ૧૨ માઈક્રોગ્રામ નોંધાયું હતું, જ્યારે તેની નિયત મર્યાદા ૧૦ માઈક્રોગ્રામ પ્રતિ લિટર છે. ત્યારબાદ ફરીથી કરવામાં આવેલી તપાસમાં પણ આ બાબતની પુષ્ટિ થઈ હતી. કંપની દ્વારા અપીલ કરવામાં આવ્યા બાદ સેમ્પલને રેફરલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યું હતું. ત્યાં બ્રોમેટનું પ્રમાણ નિયત મર્યાદામાં હોવાનું નોંધાયું હતું, પરંતુ પોલિસાયક્લિક એરોમેટિક હાઈડ્રોકાર્બન્સ (PAHs) નામના તત્ત્વોની હાજરીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ પરિણામના આધારે સેમ્પલને ફરી અસુરક્ષિત ગણવામાં આવ્યું હોવાનું અહેવાલમાં જણાવાયું છે. પરિણામે ખાદ્ય સુરક્ષા અને માનક અધિનિયમ હેઠળ કંપની સામે કાર્યવાહી માટે મંજૂરી આપવામાં આવી છે.

FSSAIના અહેવાલ બાદ બિસલેરી કંપનીએ પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. કંપનીના જણાવ્યા અનુસાર, આ સમગ્ર મામલો આશરે ૧૪ મહિના જૂનો છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ FSSAI દ્વારા ગોવા સ્થિત કંપનીના ઉત્પાદન એકમમાંથી પાણીનાં છ સેમ્પલ લેવામાં આવ્યાં

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (ice cream/milk/namkeen)
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location :
Amreli, Gujarat.
hrsepl1987com
+91 95108 59957
APPLY NOW

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ
(એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catcring service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી
તેમજ પંજાબી મળશે...
॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥
પંજાબી ચાઈનીઝ
કાઠિયાવાડી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા
મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩
કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી

અમરેલી એક્સપ્રેસ
સમાચારો મોકલવા બાબત
''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી
તંત્રી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)